सामुद्रिकग्रंथ तथा शकुनावळी

આર્ય જ્ઞાનાભિલાસિઓ માટે,
મરાઠીપરથી ગુજરાતીમાં ટીકા કરાવી

છપાવનાર.
હરીલાલ ગીરધરદાસ ઠક્કર.
તાજપુર—અમદાવાદ.

(સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ પ્રમાણે નોંધાવ્યો છે.)

અમદાવાદ:
ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કીંમત બેજ આના.

सामुद्रिकग्रंथ तथा શુકનાવળી

આર્ય જ્ઞાનાભિલાસિઓ માટે,
મરાઠીપરથી ગુજરાતીમાં ટીકા કરાવી
છપાવનાર.


હરીલાલ ગીરધરદાસ ઠક્કર.
તાજપુર—અમદાવાદ.

અમદાવાદ:
ઘીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કીંમત બેજ આના.

शिवपार्वती संवादे सामुद्रिक ग्रंथ हस्तरेखा लीख्यते.



शिवपार्वतीप्राणित.

सामुद्रिक ग्रंथ प्रारंभ.

मनुष्यनी हस्तरेखाओनो विचार.

॥ श्रीगणेशायनमा: ॥ श्रीसारदाएनम: ॥

એક સમે કૈલાશમાં કલ્પવૃક્ષ નીચે શિવ પાર્વતી બેઠાં હતાં તે સમે પાર્વતીએ શિવજીને પ્રશ્ન પુછ્યો કે, હે પ્રભુ! આપે નાના પ્રકારની ઘણીએક વાતો કહી પણ આજે કૃપા કરી સ્ત્રી પુરૂષનાં ચિન્હ મને કહી સંભળાવો, કે જેથી પ્રાણીઓના શુભાશુભ સુખદુઃખ વિગેરેનું જ્ઞાન પ્રાપ્ત થાય. તે સમે શિવજીએ કહ્યું કે, હે પાર્વતી ! તમે મને જે પ્રશ્ન પુછ્યો તેનો ઉત્તર સામુદ્રીકમાં ભગવાને બ્રહ્માજીને કહ્યો છે તે સાંભળો—

પુરૂષના જમણા હાથમાં અને સ્ત્રીના ડાબા હાથમાં રેખાઓ જોવાથી શુભ, અશુભ, સુખ, દુઃખ, આવરદા અને મરણ વીગેરેનો હેવાલ માલમ પડેછે. એ હું તમને વિસ્તારથી કહુંછું તે તમે એકચિત્ત સાંભળો.

अथात:संप्रवक्ष्यामि । हस्तरेखाविचारणं ॥
दक्षिणेपुरुषंज्ञेयं । वामेवामाकरंशुभम् ॥

ટીકાઃ—પ્રથમ અમે હસ્ત રેખાનો વિચાર કહીએ છીએ

કે પુરૂષનાં લક્ષણ જમણા અને સ્ત્રીનાં લક્ષણ ડાબા હાથમાં જોવાથી માલૂમ પડશે. મનુષ્યના હાથની રેખામાં બ્રહ્માજીએ જે શુભાશુભનો હેવાલ લખ્યોછે તે પ્રમાણે નીપજેછે, એવી તમારા મનને ખાત્રી થશે.

शिवेनतंत्रसामुद्रं । कररेखाशुभाशुभम् ॥
यस्यविज्ञानमात्रेण । परुषोनहिशोचति ॥

ટીકાઃ—શિવજીએ કહેલા સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે હસ્તરેખાઓ જોવાથી શુભાશુભનું જ્ઞાન પ્રાપ્ત કરી શોકનો ત્યાગ કરેછે.

यस्यमीनसमारेखा । कर्मसिद्धिश्चजायते ॥
धनाढ्यस्तुंसविज्ञेयो । बहुपुत्रोनसंशय ॥

ટીકાઃ—જેના હાથમાં પહોંચાની વચ્ચે માછલીના આકાર જેવી રેખા હોય તેનાં સર્વે કામ સિદ્ધ થાય અને ધનવાન તથા પુત્રવાન પણ નિવડે. તથા સંસારમાં નાના પ્રકારનાં ઘણાંક સુખો ભોગવી આબરૂ મેળવે તેમાં સંશય નહીં.

तुलाग्रामंतथावज्रं । करमध्येचदृश्यते ॥
तस्यवाणिज्यासिद्धिःस्यात् । पुरुपस्यनसंशयः ॥

ટીકાઃ—જેના હાથની વચમાં ડાંડી સહીત ત્રાજવા જેવું, ગામની માફક ચાર ખુણા વાળું, તથા વજ્ર જેવું, આ પ્રમાણે ત્રણે ચીન્હો જેના હાથમાં હોય તેને વેપારમાં ધનની પ્રાપ્તી થયા વગર રહેજ નહી. અને જીંદગી પર્યંત સુખ ભોગવી આનંદમાં દીવસ નિર્ગમન કરે.

****

पद्मचापादिखड्गंच । करमध्येचदृश्यते ॥
स्त्रियश्चपुरुषश्चापि । धनवान्‌सम्सुखीनरः ॥

ટીકાઃ—જે પુરૂષના હાથમાં કમળના જેવું, કામઠા જેવું, તરવારના જેવું, અથવા આઠ ખુણાના આકારનું ચિન્હ હોય તો તે ધનવાન થઈ ઘણાક માણુસોનું પાલનપોષણ કરે તેમજ આબરૂવાન થાય. કદાપી સ્ત્રીના હાથમાં કમળના જેવું ચિન્હ હોય તો તે રાજાની રાણી બને અને જે પુરૂષના હાથમાં કામઠાના જેવું ચિન્હ હોય તો તે મોટો યોદ્ધો નીપજે. ને કદાપી આઠખુણાનુંજ ચિન્હ હોય તો તે ઘણું કરીને રાજા થાય અને પોતાની પ્રજાનું સારી રીતે લાલનપાલન કરે.

शंखचक्रध्वजाकारो । मत्स्याकारश्चदृश्यते ॥
सर्व्वविद्याप्रदानेन । बुद्धिमानसमुखीनरः ॥

ટીકાઃ—જેના હાથમાં શંખ, ચક્ર, ધ્વજા અને માંછલુ વિગેરે ચિન્હો હોય તો તે મનુષ્ય વેપાર રોજગારના કામમાં ઘણો હુંશીયાર થઈ ઘણા દ્રવ્યની પ્રાપ્તી કરે અને પોતાની જીંદગાની ઘણા માનની સાથે પુરી કરે.

त्रिशूलंकरमध्येतु । तेनराजाप्रवर्त्तते ॥
यज्ञधर्मेचदानेन । देवद्विजप्रपूजने ॥

ટીકાઃ—જેના હાથમાં ચોખ્ખું ત્રીશુળના જેવું ચિન્હ હોય તો તે રાજા થવાની નીશાની છે. અને કદાપી તેજ ચિન્હ સંદેહ પડતું હોય તો તે માણુસ રાજાનો કારભારી થઈ ઘણાંક સારાં સારાં કામો કરે. એટલુંજ નહી પણ તેની જોડે માતા

પીતા, ગુરૂ વિગેરેની સારી બરદાશ કરે. અને ધર્મ તથા પુન્ય-દાનમાં પણ તેની નિષ્ટા પરીપુર્ણ હોય. વળી ધનવાન થઈ યગ્ન અને ધર્મદાન કરે. તથા દેવદેવસ્થાન અને બ્રાહ્મણોની પુજા કરે.

शक्तितोमरबाणैश्च । करमेघ्रमुदृश्यते ॥
रथचक्रध्वजाकारो । सराज्यंलभतेनरः ॥

ટીકાઃ—જેના હાથમાં શક્તિ, તોમર (ભાલોડુ) રથ, ચક્ર અને ધ્વજા જેવું ચીન્હ હોય તો તે રાજવહીભવનું સુખ ભોગવે, કદાપી તેમાનું એકાદુ પણ ચીન્હ જેના હાથમાં હોય તે રાજાનો કારભારી થઇ જીવે ત્યાં સુધી ઘણા સુખમાં પોતાના દીવસો નિગમન કરે.

अंकुशंकुडलंचक्रं । यस्यपाणितलेभवेत् ॥
तस्यराज्यंमहाश्रेष्ठ । सामुद्रवचनंयथा ॥

ટીકાઃ—જે પુરૂષના હાથમાં અંકુશ, કુંડળ અથવા ચક્ર એવાં ત્રણે ચીન્હો હોય તો તે ચક્રવર્તી રાજા થવાની નીશાની છે. કદાપી તેમાનું એકાદુ ચીન્હ હોય તો કિંચીત રાજસુખ ભોગવે, બે હોય તો તેથી કિંચીત વધારે સુખ ભોગવી ધનની પ્રાપ્તી કરે એમાં કાંઈ સંદેહ નહી. ઉપરનાં ત્રણે ચીન્હવાળો મનુષ્ય ચક્રવર્તી રાજા થાય એટલુંજ નહી પણ પરમેશ્વરની ઇચ્છાથી આખા જગતનું પાલનપોષણ કરે તેવો થાય એવું સામુદ્રઋષી નારાયણનું વચન છે. ૯

गिरिकंकणयोनीनां । नरमंडपघटादिकं ॥
करेवैयस्यचिन्हानि । राजमंत्रीभवेन्नरः ॥

ટીકાઃ—જેના હાથમાં પર્વત, કંકણ, મનુષ્યનું મોઢું અથવા કળસના જેવું ચીન્હ હોય તો તે મનુષ્ય રાજમંત્રી થઈ ઘણાક સુખની પ્રાપ્તી કરે.

सूर्य चंद्रलताटेत्रं । अष्टकोणत्रिकोणकं ॥
मंदिरं गजअश्वानां । चिन्हेधनिसुखीनरः ॥

ટીકાઃ—જેના હાથમાં સુર્યનારાયણ, ચંદ્રમા, વેલ, આંખ, આઠખુણા, ત્રિકોણાકાર, ઘર, હાથી અથવા ઘોડાના જેવું એ પ્રમાણે ચીન્હો હોય તો તે ધણી હાથીઘોડાની સાયબીવાળો, મહા દ્રવ્યવાન અને પ્રખ્યાત થાય.

अंगुष्टोदरमध्यस्थो । यवोयस्यविराजते ॥
उत्पन्नभवभोगीस्यात् । सनरःसुखमेधते ॥

ટીકાઃ—જેના હાથમાં અંગુઠાની વચ્ચે જવના જેવું ચીન્હ હોય તો તે માણસ સંસારમાં વિદ્વાન, ધનવાન, ગુણવાન અને જ્ઞાનવાન થઈ જીવે ત્યાં સુધી નાના પ્રકારનાં સુખ ભોગવ્યા કરે.

मध्यमोतर्जनीमूले । यवोस्यचदृश्यते ॥
धनवानसुखभोगीस्यात् । पुत्रदारागृहादिषु ॥

ટીકાઃ—જેના હાથની વચલી આંગળીના મૂળમાં અથવા અંગુઠાની જોડની આંગળીના મૂળ તળે રેખાની વચમાં જવના જેવું ચીન્હ હોય તો તે ધનવાન થઈ સ્ત્રી પુત્રાદીકનું સુખ ભોગવે ને દુનિઆમાં ઘણી આબરૂ મેળવી જીવતાં પર્યંત આનંદમાં દીન નિર્ગમન કરે એમાં સંશય નહીં.

अनामिकापूर्वमूले । कनिष्ठादिक्रमेणतत ॥
आयुर्लक्षणं । सामुद्रवचनंयथा ॥

ટીકાઃ—આયુષ્ય રેખા ટચલી આંગળીના થડમાં પુંચા તરફથી નીકળી અંગુઠાની જોડલી આંગળીને મળેલી હોય છે, તે રેખા વચમાંથી તુટી ગઈ હોય તો જળ ઘાત થાય અને કદાપી વચમાંથી ઉંચી ચડી નીચે જોલો ખાધો હોય તો તે ઝાડ કે કોટ ઉપરથી પડે. તેજ રેખા આખી અણીસુધ ટચલી આંગળીના થડમાંથી ચાલી અંગુઠાની જોડની આંગળીને મળી હોય તો તે માણસનો આવરદા ૧૨૦ વરસનો જાણવો, અને કદાપી લાંબી ટુંકી હોય તો તે પ્રમાણે આવરદા ઓછો વત્તો સમજવો.

अगुष्टस्युर्द्धरेखा । वर्त्ततेनृपतेशुभा ॥
सेनापतिधनेशस्य । मध्यमायुन्नरोभवेत् ॥

ટીકાઃ—જેના હાથમાં અંગુઠા ઉપર આકાશના જેવું ચિન્હ હોય તો તે રાજશ્રીનું ચીન્હ છે, એ ચીન્હવાળો મનુષ્ય છત્રપતી રાજા થાય અથવા મોટી ફોજનો યોદ્ધો થઈ રાજસભામાં માન પામી ૫૫-૬૦ વર્ષ સુધી જીવી દુનિઆમાં સંપૂર્ણ સુખ ભોગવે.

तर्जनीमूलपर्यंत । मूर्द्धरेखाचदृश्यते ॥
राजदूतोभवेतस्य । धर्मनाशोयजायते ॥

ટીકાઃ—અંગુઠાની જોડલી આંગળીના મૂળમાં ઉર્ધ્વ રેખા હોય તે રાજાનો સિપાઇ થઈ હાથમાં તરવાર ઝાલી રાજકાજની વાતો સાંભળી લાવનારનો અધીકાર પામે અને જીવે ત્યાં

સુધી નાના પ્રકારનાં સુખ ભોગવી આબરૂમાં દીવસ નિર્ગમન કરે.

मध्यमामूलपर्यंत । मूर्ध्वरेखा चदृश्यत ॥
पुत्र [illegible] । धनवान्ससुखीनरः ॥

ટીકાઃ—જેના હાથમાં ઉર્ધ્વરેખા વચલી આંગળીના મૂળ પાસે જણાતી હોય તો તે માણુસ ધનવાન થાય અને સ્ત્રી પુત્રાદીકનું સુખ ભોગવી સદા આનંદમાં રહે.

अनामिकायामूर्ध्वरेखा । व्यवसायोधनागमः ॥
सुखदुःखेनजीवेत । पुत्रपौत्रगृहादिषु ॥

ટીકાઃ—જેના પોંચાના થડમાંથી એક રેખા નીકળી ટચલી-આંગળીના મૂળને મળે તો તે મનુષ્ય વેપાર કરી થોડુક ધન સંગ્રહ કરી જીવતાં સુધી સારી પેઠે પોતાનો નિર્વાહ ચલાવે.

यस्यपाण्यूर्ध्वरेखास्या । त्कनिष्ठामूलसंस्थिता ॥
तेनराःपरदेशेषु । शतमायुर्लभंतिते ॥

ટીકાઃ—જેના હાથની ટચલી આંગળીના મૂળ પાસે ઉર્ધ્વ રેખા આખી હોય તે માણુસનો આવરદા ૧૦૦ વર્ષનો જાણવો અને તેને પરદેશમાં રહેવાનું થાય.

दीक्षादानंयथाधर्म । पदवीसुखमेवच ॥
विद्यामानापमानंच । अंगुल्यामूलसंस्थिता ॥

ટીકાઃ—જેના હાથની ટચલી આંગળીના થડમાં એક કાપા જેવી રેખા હોય તો યજ્ઞ કર્તા, બેથી દાતાર, ત્રણથી જ્ઞાનવાન, ચારથી રાજસુખ ભોગવનાર, પાંચથી વીદ્વાન, ૭ થી સભામાં

માનં પામનાર અને સાત રેખાઓથી દરિદ્રતા ભોગવનાર થાય. એવું શ્રી નારાયણ બ્રહ્માજી કહેછે. આ પ્રમાણે ટચલી આંગળીના મૂળમાં સર્વે પ્રાણીઓના જન્મનું સુખ દુઃખ તથા જ્ઞાન વીગેરે સર્વ લક્ષણ એ રેખાઓ ઉપરથી માલમ પડે છે.

कनिष्टःमूलसंयुक्ता । त्रिरेखायस्यदृश्यते ॥
एकयुग्मंत्रिकंपंच । चतुर्थबाणसंयुतं ॥

ટીકાઃ—જેની ટચલી આંગળીના મૂળ તળે ત્રણ રેખાઓ હોય તો તે અર્થ, ધર્મ અને કામ એ ત્રણે પદાર્થોને પામે. જો તેમાંની એક રેખા હોય તો ધનવાન, બે હોય તો ધર્માત્મા અને ત્રણ હોય તો દુરાચારી, ચાર હોય તો ઘણી સ્ત્રીઓ પરણે, પાંચ હોય તો જ્ઞાનવાન થાય. જે સ્ત્રીના ડાબા હાથની ટચલી આંગળીના થડમાં રેખા હોય તો તે સ્ત્રી ઘણી દુરાચારી છે એમ અનુમાન થાય છે.

आयुर्बलंभद्ररेखातर्जनीमूलसंस्थिता ॥
शतवर्षभवेदायुः । सुखमृत्युर्नसंशयः ॥

ટીકાઃ—જેની ટચલી આંગળીના થડમાંથી રેખા નીકળી અંગુઠાની જોડલી આંગળીને જઈ મળે તો તે મનુષ્યનો આવરદા ૧૦૦ વર્ષનો, કદી વચલી આંગળીના મૂળ તળે મળે તો ૭૫ વરસનો જાણવો.

मध्यमामूलपर्यंत । मायुरेखाचदृश्यते ॥
चतुर्दशश्चतुर्विंशत्या । युर्बलविनाशनम् ॥

ટીકાઃ—જેની ટચલી આંગળીના થડમાંથી રેખા નીકળીને વ-

વચલી આંગળીથી એક આંગળને છેટે હથેળી તરફ હોય તો તે માણસનો આવરદા ૩૮ વરસનો જાણવો.

आयुर्बलंभवंद्रेखाऽनामिका:लसांस्थिता ॥
त्रिदशंचत्रिपष्टिंच । आयुर्बलविनाशनं ॥

ટીકા:—જેની ટચલી આંગળીની જોડની આંગળીના મૂળ નીચે એક જવના જેટલી રેખા હોય તો તે માણસનો આવરદા ૩૦ વરસનો, બે જવ જેટલી હોય તો ૬૩ વરસનો સમજવો.

आयुर्हीनंयथास्वल्पं । लघुहीनंचदृश्यते ॥
तेनरा:सुखदु:खेन । चाल्पमृत्युर्नसंशय: ॥

ટીકા:—જેના હાથમાં આયુષ્યની અલ્પ રેખા હોય તો જાણવું કે આવરદા ટુંકો છે. અને તેજ લંબાણ ટુંકાણ પ્રમાણે મનુષ્યનો આવરદા સમજવો, જો તેજ રેખા કાળી હોય તો સમભાગે સુખ દુ:ખ ભોગવશે એમ જાણવું.

करमध्येस्थितारेखा । पितुर्वंशसमुद्भवा ॥
पूर्णरेखापितुर्वंशो । र्द्धरेखापरवंशक: ॥

ટીકા:—અંગુઠો તથા તેની જોડની આંગળી એ બંનેના વચમાંથી બે મોટી રેખાઓ નીકળી પોંચા તરફ આવેછે તેમાંની એક હથેળીની વચમાં થઈને આવે છે. ને બીજી અંગુઠા તરફ આવેછે તેમાં જે હથેળીની વચમાં થઈને આવેછે તે રેખા જો ઠેકાથી નીકળી પોંચાને મળેછે ત્યાં સુધી આખી હોય તો જાણવું કે તે માણસના માબાપમાં સંપ રહેલો છે ને તુટક પડી હોય તો જાણવું કે માબાપમાં સંપ નથી, ને હાથની મોટી

ત્રણ રેખાઓમાંની વચલી રેખા નાની હોય તો જાણવું કે પીતાનો આવરદા ટુંકો છે ને મોટી લાલ રંગની હોય તો જાણવું કે પીતાનો આવરદા લાંબો છે અને છેલ્લી રેખા નાની હોય તો જાણવું કે માનો આવરદા થોડો છે. અને લાંબી હોય તો વધારે જાગવો. એ માતપીતાની બંને રેખાની વચમાં ત્રીશુળ જેવું ચીન્હ હોય તો જાણવું કે માતપીતા સ્વર્ગવાશી થઇ દેવલોકમાં જઇ બંનેજણ સાથે સ્વર્ગવાસ કરશે.

मातृरेखाकरेचैव । एकैकंयुग्ममेवच ॥
एकैकंपुण्यमादायः । युग्मरेखाचदृश्यते ॥

ટીકાઃ—દરેકના હાથમાં માતપીતાની બંને રેખાઓ જુદી જુદી હોયછે, માતાની રેખા અંગુઠો અને તેની જોડની આંગળીની વચ્ચેથી નીકળી અંગુઠા તરફ પોંચાને મળેછે ને પીતાની રેખા તેજ ઠેકાણેથી નીકળી આયુષ્ય રેખાની નીચે પોંચાને મળેછે તો તે પ્રાણી માત્ર સંસારમાં દેહ ધારણ કરેછે.

बहुरेखाभवेत्क्लेशं। स्वल्पाभिर्धनहीनता ॥
रेखायांवामनंसौख्यं । सामुद्रवचनंयथा ॥

ટીકાઃ—માતપીતાની રેખાઓની વચમાં બીજી ઘણી નાની નાની રેખાઓ હોય તો તે નિર્ધન થવાનું લક્ષણ છે. કદાપી તેજ રેખાઓની વચમાં ઝીણી સુન જેવી રેખા હોય તો દરિદ્ર થવાનું લક્ષણ છે અને કદાપી ત્રિકોણ, અષ્ટકોણ, ચક્ર અથવા ત્રિશુળ વીગેરે ચીન્હો હોય તો તે મનુષ્ય ઘણો આવરદાર, બુદ્ધીવાન અને સુખી થાય એવું સામુદ્રીકનું વચન છે.

अंगुलीनं यग्रस्वा । गण्यतेत्रितयं यक ॥
रेखा दशकंसाख्यं । धनधान्यप्रदायकम् ॥

ટીકાઃ—જેની દશે આંગળીઓના વચ્ચેના કાપા (વેઢા) ને ગણી ત્રણે ભાગતાં ભાગાકાર ૧૧ કે ૧૨ આવે તો જાણવું કે ઘણો ધનવાન, ગુણવાન અને સુખી થશે.

अंगुलीनांपृथग्रेखा । गणनेचेत्रयोदशम् ॥
महादुःखंमहाक्लेशं । सामुद्रवचनंयथा ॥

ટીકાઃ--જેની દશે આંગળીઓના વેઢા ગણી ત્રણે ભાગતાં ભાગાકાર ૧૩ આવે તો જાણવું કે તે દુઃખી, રોગી અને ધનહીન થશે એવું સામુદ્રીકનું વચન છે. ૩૦

रेखापंचदशेचोरः । षोडशेद्यतवंचकः ॥
पापीसप्तदशेज्ञेयो । धर्मात्माऽष्टादशेभवेत् ॥

ટીકાઃ—જેની દશે આંગળીઓ વચેના વેઢાને ગણી ત્રણે ભાગતાં ભાગાકાર ૧૫ આવે તો જાણવું કે તે માણસ ચોર થશે ૧૬ આવે તો જાણવું કે તે ઉપર કરતાં પણ નઠારાં કર્મનો કરનાર થશે. ૧૭ આવે તો મહા પાપી થઈ ઘણા પ્રકારના અપજસ મેળવશે. ૧૮ આવે તો તે માણસ નાના પ્રકારનાં સુખ ભોગવે અને ભાગ્યવાન ગણાય.

ऊनविंशेभवेन्मान्यो । गुणज्ञोलोकपूजितः ॥
तप स्वीविंशताज्ञेयो । म हात्माचकविंशके ॥

ટીકાઃ—જેની બને હાથની ૧૦ આંગળીઓની વચેના વેઢા ગણી ત્રણે ભાગતાં ભાગાકાર ૧૯ આવે તો જાણવું કે તે આબરૂદાર, ગુણવાન થઈ મોટું સન્માન મેળવે, કદાપી ભાગાકાર

૨૦ આવે તો જાણવું કે તે મોટો તપસ્વી થશે, ૨૧ આવે તો મહા જ્ઞાની, મહાત્મા, માનવાન ને મોટો તેજસ્વી થઈ સંસારમાં ઘણો પ્રખ્યાત થશે.

દોહરા.

લક્ષણ રેખા કર્મની, આંગળિ માંહિ વિચાર;
ચાર ચાર ગણવી તદા, સુખ થાશે નિરધાર. ૧
આઠ ચોક બત્રીશ એ, લક્ષણ નિશ્ચે જાણ;
આ જગમાં જનજન્મિને, સુખિ દુખિ થાય પ્રમાણ. ૨
એકત્રીશ જેને કરે, પણ નવ બત્રીશ હોય;
તે જન તો દુખમાં રહે, કર્મ ન જાણે કોય. ૩
પણ તેત્રીશ જેને કરે, ગણતીમાં છત્રીશ;
અંન ધંન લક્ષમી તથા, સંપત આપે ઈશ. ૪

ચક્ર વિચાર.

એક ચક્ર જો હોય તો, ચાલ ઘણી વખણાય;
બે ચક્રે આ જગતમાં, ગુણવંતોજ ગણાય. ૫
પણ ત્રણ ચક્ર કદી હશે, તો તો ધનનો લાભ;
ચાર ચક્ર દારિદ્રને, ધરતિ હેઠ શિર આભ. ૬
પાંચ ચક્ર કદિ હોય તો, અંગો અંગ વિલાસ;
ષટ્ ચક્રે બડભાગિને, રસ કામાદિ ઉલાસ. ૭
સાત ચક્રથી સુખ મળે, આઠે તનમાં રોગ;
નવ વાળો રાજા બને, દશે સિદ્ધિનો જોગ. ૮

શંખ વિચાર.

એક શંખ સુખિયો કરે, બે દરિદ્રિનું ધામ;
ત્રણ શંખી નિર્ગુણિ બને, ચારે ગુણ તમામ. ૯

પાંચ સાચ નિર્ધનિ કને, ષટ્ બડભાગિ અપાર;
સબંધ સહુ સાથે વધે, એવો શંખ વિચાર. ૧૦
સાત આદિને અંત દશ, એમ શંખ જો હોય;
રાજાનો શેવક બને, નિશાન ડંકા સો'ય. ૧૧

શીપ વિચાર.

એક શીપ ગુણવંતને, બે વક્તાને ન્યા'લ;
જગત મોહ પામે સદા, એવી વાણિ રસાળ. ૧૨
ત્રણથી ધન સંચય નકી, ચારે યશ ફેલાય;
ગુણ માને જન તેહનો, સજ્જનમાં શોભાય. ૧૩
ચાર શીપથી અધિકને, દશે સિમાડા હોય;
રિદ્ધિ સિદ્ધિથી સુખ વધે, મહા પુરૂષ જગ મ્હોય.૧૪
પોંચે રેખા એક તો, રાજ્ય ભોગ ભલી ભાત;
પણ બેથી ધનવાનને, ગુણિ, વક્તા સાક્ષાત. ૧૫
ત્રણ રેખા પ્હોંચે કદી, બહુ સુખ માણે જાણ;
ચાર, યાર રેખા થકી, અતી કષ્ટ ને હાણ. ૧૬
કરતલ રેખા જો વસે, પડે મુઠ્ઠીની માં'ય;
મહા ભોગી તે માનવો, એ લક્ષણ છે આં'ય. ૧૭
પણ મુઠ્ઠી મધ્યે વસે, નક્કી બનશે રાય;
રિદ્ધિ સિદ્ધિ દાતા સુખી, આ સંસારે થાય. ૧૮
વામ ભાગમાં તલ હશે, મહા દુઃખની ખાણ;
નિશદિન ચિંતામાં રહે, કે' સામુદ્ર વખાણ. ૧૯

નખ વિચાર.

અરૂણો નખ જે પુરૂષનો, તે ભોગી સુખ-ખાણ;

પુત્રવાન, ધનવાન, ગૃહ, મળે બધે સનમાન. ૨૦
કાળો નખ જે પુરૂષનો, તે તો માન કુશીલ;
મહા દુઃખિયો જાણવો, સહુથી રહે દુદીલ. ૨૧
સફેત નખ જે પુરૂષનો, દારૂણ દુખીયો થાય;
જ્વરની પીડા રે' સદા, કદી ન સુખ દેખાય. ૨૨
પીળો નખ જે પુરૂષનો, વિદેશ તેનો વાસ;
રહે નહીં કદિ ઘર વિશે, ચિંતા થકી ઉદાસ. ૨૩
લાલ વર્ણનો નખ હશે, તેજવંત નર તેહ;
સુખીઓ તેને જાણવો, શુભ લક્ષણ છે એહ. ૨૪
નખ હરીત જે પુરૂષનો, તે પાપી પરમાણ;
સદા દુખી તે નર રહે, કે' સામુદ્ર વખાણ. ૨૫

હસ્ત વિચાર.

જે નરનો કર ન્યાળતાં કૂર્ણાકાર દેખાય;
ધન સંગ્રહ સુખ ભોગ તે, નરની સાથે જાય. ૨૬
જે નરનો કર ન્યાળતાં, મંડળ આકૃતિ હોય;
નિત્ય ગુલામી તે કરે, નિશ્ચય દુખિયો સો'ય. ૨૭
જે નરનો કર ન્યાળતાં, પત્રાકાર જણાય;
રાજભોગ મણિ આકૃતિ, તે નર સાથે જાય. ૨૮

ભુજ વિચાર.

વિચિત્ર નર જો દીર્ઘ ભુજ, છોટી ભુજ તો દાસ;
પણ જો સુશિળ સુહાવણી, સ્તુતિ નવ થાય પ્રકાશ. ૨૯
દીર્ઘ ભુજા વાળો વળી, શાણો સહુથી ગણાય;
વામ ભુજા લાંબી રહે, કાયર મહા મનાય. ૩૦

शिव पार्वती संवादे सामुद्रिक ग्रंथ चर्णरेखा लिख्यते.



પ્રિય વાંચનારાઓ! આ પગનાં ચિન્હો દરેક રેખાઓને મળતાં સમજવાં.

चरण रेखाओनो विचा .

निगूढगुल्फौपातितौ । पद्मकांतितलौशुभौ ॥
अश्वेदिनौमृदुतलौमस्त्यांकमकरांकितौ ॥

ટીકાઃ-જે મનુષ્યના પગ ટુંકા,જાંગે માંસથી ભરેલી તથા પગના તળિયાં કમળ જેવાં હોય અને તળીયામાં મચ્છ રેખા હોય તો તે રાજસાયબી ભોગવે અથવા મકરચિન્હ હોય તો તે મનુષ્ય મહા પ્રતાપી ગણાય અને હાથી ઘોડા વીગેરે વાહન મેળવે.

वज्राब्जहलचिन्हौच । दास्याःपादंयदास्थितौ ॥
राजपत्नीतुसाज्ञेया । राजभोगप्रदायकौ ॥

ટીકાઃ—જે માણસના પગ તળે વજ્ર, કમળ, અથવા હળ એ ચિન્હો હોય તો તે રાજા થાય, અને ઉપર પ્રમાણેનાં ચિન્હ જે સ્ત્રીના ડાબા પગમાં હોય તો તે ભમે તો દાસી હોય તોપણ રાજાની રાણી થાય.

जघेचरोमरहिते । सुवृत्तेविशिरेशुभे ॥
अनुल्वणसाधिदेशेस ..... यंशुभं ॥

ટીકાઃ—જેની જાંગમાં વાળ હોય તો તે ફળ ઉત્તમ જાણવું અને જેની જાંગની શિરા સ્પષ્ટ દેખાતી ન હોય તો તેનું ફળ પણ ઉત્તમ જાણવું. જેની બંને જાંગોની શિરા સ્પષ્ટ દેખાતી ન હોય તો તે પણ ઉત્તમ લક્ષણ છે. જે સ્ત્રીની બંને જાંગો બરોબર હોય તો તે પુત્રાદિકનું સંપૂર્ણ સુખ ભોગવે એમ જાણવું.

ऊरूकरिकराकारौ । वरौमौचसमौशुभौ ॥

रोमजंघोचनारीणां । महादुःखप्रदायकौ ॥

ટીકાઃ—જે સ્ત્રીની જાંગ હાથીની સુંઢના જેવી હોય તો તે સર્વ-પ્રકારનું સુખ ભોગવે અને તેજ પ્રમાણેની જાંગ લોહીથી ભર-પુર હોય અને તેનાપર વાળ ના હોય તો તેને પણ ઉત્તમ ફળની પ્રાપ્તી થશે એમ જાણવું. અને તે પુત્રવાન તથા ધનવાન થશે. જેની જાંગમાં વાળ ઘણા હોય તો તે સ્ત્રી દુઃખી, દરીદ્રિ તથા કલેશવાળી હોય એવું તેનું અશુભ ફળ છે.

ललाट वर्णन.

उन्नतैर्विपुलैःशंखैर्ललाटैर्विषमैस्तथा ॥
निर्धनोधनवंतश्च । अर्धेंदुसदृशैर्नरः ॥

ટીકાઃ—જેનું કપાળ ઉચું હોય અને તેના કપાળના ઉંચા ભાગમાં શંખના આકાર જેવાં ઝીણાં ઝીણાં ચીન્હ હોય અથવા આંખ ઉપર ભમરના થડમાં હોય અથવા કપાળ ઉપર અર્ધચં-દ્રકાર જેવી રેખા હોય તો જાણવું કે તેનો જન્મ નિર્ધનના કુટું-બમાં હશે પણ ઘણો ધનવાન ને સુખી થશે.

आचार्याःशुक्तिविशालैःशिरालैःपापकारिणः ॥
उन्नताभिःशिराभिस्तुस्वास्तिकाभिर्धनेश्वरः ॥

ટીકાઃ—જેના કપાળમાં છીપના આકાર જેવી રેખા હોય તો તે માણુસ આચાર્ય, સાધુ, અતીત, વેરાગી વગેરેના વેશ ધરી લોકોમાં બગભગત થશે. પણ પાપકર્મ કરવામાં તેની પ્રીતી રહે-શે. કદાપી કપાળ ઉપર કમળના પુષ્પ જેવો આકાર હોય તો

તે સર્વે મનુષ્યથી શ્રેષ્ટ થઈ લોકમાં પ્રખ્યાતી પામશે.

निम्नैर्ललाटैर्वधार्हः क्रुरकर्मरतस्तथा ॥

संवृत्तैश्चललाटैस्तु । कृपणाउन्नतैर्नृपः ॥

ટીકા:—જેના કપાળની વચમાં ખાડ હોય ને આસપાસ ઊંચાણ હોય તો તે માણસ વધ કરવાને લાયક છે અને જેનું કપાળ નીચું હોય તો તે માણસ જીવતાં સુધી દુષ્ટ કર્મ, ક્રુર સ્વભાવ, દુષ્ટ બુદ્ધિવાળો થઇ લોકમાં અપજશ મેળવશે. અને જે માણુસનું કપાળ નાનું હોય તો તે કંજુસ થશે. કદાપી કપાળ ઉંચું હોય તો રાજા થવાની નિશાની છે.

ललाटोपसृतास्तिस्त्रो । रेखास्युःशतवर्षिणां ॥

नृपत्वंस्याच्चशतभिरायुःपंचनखथा ॥

ટીકા:—જેના કપાળમાં ૩ રેખાઓ જણાતી હોય તો તે માણુસનો આવરદા ૧૦૦ વર્ષનો જાણવો. કદાપી ચાર રેખાએ હોય તો રાજકાજમાં હુંશીઆર થશે. કદાપી પાંચ રેખાઓ હોય તો તે માણુસનો આવરદા ૯૫ વરસનો સમજવો.

अरेखोणायुर्नवति । विच्छिन्नाभिश्चपुंश्चलाः ॥

केशांतोपगताभिश्च । अशित्यायुर्नरोभवेत् ॥

ટીકા:—જેના કપાળમાં એકે રેખા ન હોયતો તેનો આવરદા ૮૦ વર્ષનો, કદાપી કપાળ ઉપર ઘણી રેખાઓ શેળભેળ થઇ ગઈ હોય તો તે માણુસ પરસ્ત્રી લંપટ તથા પરધન ચોરી લેવાનો મનમાં સદા વિચાર રાખે, કદાપી એકાદી રેખા કપાળની ઉપર છેક વાળના થડમાં હોય તોતે માણુસનો આવરદા ૮૦ વર્ષનો જાણવો અને તે માણુસ સંસારમાં

પોતાનો જન્મારો સુખમાં ગુજારે.

पंचभिःपंचभिःषड्भि । पंचाशब्द भिस्तथा ॥

चत्वारिंशश्ववक्राभि । स्त्रिशद्भूर्लग्नगामिभिः ॥

ટીકાઃ—જેના કપાળમાં પાંચ પાંચ ૭ ૭ રેખાઓ સેળભેળ થઇ ગઇ હોય, અથવા અગીઆર રેખાઓ હોય અથવા તેથી પણ ઘણી રેખાઓ હોય અને ગણુતાં ફાવે તેમ ન હોય તો તે માણુસનો આવરદા ૪૦ વર્ષનો હશે એમ સમજવું કદાપી કપાળ ઉંચુ નીચું હોય અને ફકત એક રેખા આંખ ઉપર ભમરના પડમાં હોય તો જાણુવું કે તે માણુસનો આવરદા ૩૦ વર્ષનો છે.

विंशतिर्वामवक्राभि । रायुःक्षुद्राभितल्पकं ॥

नपृथूबालेंदुनिभे । भृत्रौचाल्पललाटके ॥

ટીકાઃ—જેના કપાળની ડાબી બાજુએ નાની વિશેષ રેખાઓ હોય તો તે ઉપરથી એમ જાણુવું કે તેનો આવરદા ૨૦ વર્ષનો છે કદાપી ભમર ઉપરની રેખાનો આકાર ચંદ્રમા જેવો હોય તો તે માણુસનો આવરદા ૧૨૦ વર્ષનો છે એમ જાણુવું. કદી ભમર ઉપરની રેખાનો આકાર ચંદ્રમા જેવો ન હોય છતાં તે રેખા મોટી પણુ ન હોય તો તે માણુસનો અલ્પ આવરદા જાણુવો.

शुभमर्धेंदुसंस्थान । मत्युच्चंस्यादलोमशं ॥

नृपतीनांभवंचिन्ह । ललाटेशुभदर्शनं ॥

ટીકાઃ—જેના કપાળમાં ભમર ઉપર એક રેખા અર્ધચં-

ફકાર જેવી હોય અથવા કપાળ ઉંચું હોય. અથવા એક રેખા રોમ રહીત હોય અને તેજ રેખા ઉપર કપાળમાં ઝીણા ઝીણા વાળ ઉગેલા ન હોય ને ચોખી દેખાતી હોય અથવા કપાળના વાળ તેમાં મળી ગએલા ન હોય તો તે રાજા થઈ ઘણું સુખ ભોગવશે.

नाशीकाकंठलक्षणं.

वंशवेतसपत्राभो । नजरोमोच्चनासिकः

विकटःकुटिलाकारो । लंबगल्लस्तथाःशुभः ॥

ટીકાઃ—જેનું નાક વાંસના પાંદડા જેવું હોય અથવા હાથીના રૂવાંટા જેવા તેના નાક ઉપર વાળ હોય અથવા તેની ગરદન ઉંચી હોય તો તે ચીન્હો અશુભ સમજવાં.

कक्षाऽश्वत्थदलाश्रष्टा । सुगंधिन्यूर्ध्वरोमिका ॥

अन्यथार्थाविहीनाना । मत्तोनिःस्वस्यचारके ॥

ટીકાઃ—જે સ્ત્રી અથવા પુરૂષને પીંપળાના પાંદડાના આકાર જેવી કાખ હોય તો તે શ્રેષ્ટ છે; કદાપી કાખમાં સુગંધી વાસ હોય અને ઉંચે જોતાં વાળ પ્રતક્ષ હોય તો તે સુખદાયક છે કદાપી ઉપર પ્રમાણે ન હોય તો દરીદ્રતાનું લક્ષણ માલુમ પડે છે.

पुनर्भुजा लक्षण.

निर्मांसौचैवभग्न्यौ । श्लिष्टौचविपुलौभुजौ ॥

अजानुलंबिनोबाहू । वृत्तौपीनानृपेश्वरे ॥

ટીકાઃ—જેના હાથ ઉપર માંસ થોડું અને લંબાઈમાં વ-

ધારે હોય તો તેનું ફળ સારૂછે કોઇના હાથ ઘુંટણ સુધી લાંબા હોય તો તે રાજા જેટલું સુખ ભોગવે ને દુનીઆમાં પ્રખ્યાત ગણાય.

निःश्वनांरोमशौहस्वौ । भुजौदारिद्रदायकौ ॥
अरोमसौतुखिनौ । श्रेष्टौकरिकरप्रभो ॥

ટીકા:—જે માણસના હાથ ટુંકા અને તેપર બહુ વાળ હોય તો તેને દરીદ્રી જાણવો. અને જે માણસના હાથ હાથીની સુંઢના જેવા લાંબા અને તે ઉપર વાળ આછા હોય તો તે માણુસ સુખી થશે એમ સમજવું.

मुख वर्णन.

आरक्तावधरौश्रेष्टौ । मांसलंवर्तुलंमुखम् ॥
कुंदपुष्पसमादंता । भाषितकोकिलासमं ॥

ટીકા:—જેના મોઢાના નીચેનો હોઠ લાલ રંગનો હોય તેમજ હોઠ ઉપર માંસ વધારે, મોઢુ ગોળ, દાંત ધોળા, ને સ્વર કોયલના જેવો. એ પ્રમાણે જેને ચિન્હો હોય તો તે સુખી થવાની નિશાની છે.

दाक्षिण्ययुक्तशमठं । हंस्यशब्दसुखावहम् ॥
नासामसमपुटा । स्त्रीणांतुरुचिराशुभा ॥

ટીકા:—જે મનુષ્યનું મોઢું દક્ષિણાવર્ત જેવું અને અવાજ કોયલના જેવો હોય તો તે ઉત્તમ સુખ ભોગવે, અને જેનું નાક લાલ રંગનું બન્ને હોઠ વચ્ચોવચ હોય તો તે પણ ઉત્તમ સુખ ભોગવે એમ જાણવું.

नीलोत्पलनिभंचक्षु । नासालम्बौनलंबकौ ॥

नपृथुर्बालेंदुनिभौ । भ्रुवौचाथललाटे ॥

ટીકા:—જે મનુષ્યની આંખોના ડોળા કમળ પ્રમાણે અને નાક લાંબુ મોઢાને મળેલું હોય તો તે પણ ઉત્તમ જાણવું, અને જેના ડોળા લાલ રંગના ને બીજના ચંદ્રની માફક જણાતા હોય તો તે પણ ઉત્તમ સુખ ભોગવે.

शुभमर्द्धेंदुसंस्थान । मत्युच्चंस्यादलोमशं ॥
अनामलंकर्णयुगं । सममृदु[illegible] ॥

ટીકા:—જે મનુષ્યના બન્ને કાનો બીજના ચંદ્રમા પ્રમાણે કમાનદાર ને તેના ઉપર તથા તેના મુળના થડમાં વાળ હોય તો તે પણ ઉત્તમ સુખ ભોગવે.

स्निग्धानीलाश्चमृदवो । मूर्धजाःकुंचितैकजा ॥
स्त्रीणांसमांशिरःश्रेष्टं । पादपाणितलेतथा ॥

ટીકા:—જે પુરૂષના માથાના વાળ કાળા સ્વચ્છ ને જરા વાંકા, અને પગની પાની બરાબર લાંબી તથા ગરદન એ પ્રમાણે હોય તો તે પણ ઉત્તમ સુખ ભોગવે.

हस्तपाद नाना चिन्ह दर्शन.

वाजीकुंजरश्रीवृक्ष । युपेपुयवतोमरैः ॥
ध्वजचामरमाला[illegible]ः शैलकुंडलवेदिभिः ॥

ટીકા:—જેની હથેળી વચમાં અથવા પગના તળીયાની વચમાં ઘોડાનું, હાથીનું. કલ્પવૃક્ષનું, સ્થંભનું, જવનું; હથીઆરનું, ધ્વજાનું, માળાનું, પર્વતનું, કુંડળનું. વીગરે ચિન્હો જેને હોય તો તે માણસ ચક્રવર્તી રાજા જેટલું સુખ ભોગવે એમ સામુદ્રી શાસ્ત્રનું કહેવું છે.

शंखातपत्रपद्मैश्च । मत्स्यस्वस्तिकसद्रथैः ॥

लक्षणैरंकुशाद्यैश्च । स्त्रियःस्यूःराजवल्लभाः ॥

ટીકાઃ—જેના હાથમાં અથવા પગમાં શંખ, ચક્ર, કમળ, હાથી, રથ અને અંકુશ, એટલાં ચિન્હો હોય તો તે માણુસ રાજા જેટલું સુખ ભોગવે, તેજ પ્રમાણે ચિન્હો સ્ત્રીના ડાબા પગમાં હોય તો તે રાણીના જેટલું સુખ ભોગવે.

निगूढमणिबंधौश्च । पद्मगर्भोपमौकरौ ॥

नानिम्नंनोन्नतंस्त्रीणां । भवेत्करतलंशुभम् ॥

ટીકાઃ—જેના હાથ પગ મોટા, માંસથી ભરપુર તથા પહોંચા મોટા, ને માંસથી ભરપુર ભરેલા હોય તો તે માણુસ સાધારણ સુખ ભોગવે. કોઇના હાથ કમળના પુષ્પ જેવા હોય તો તે રાજાના જેટલું સુખ ભોગવે.

रेखायामणिबंधोत्था । गतामध्यंगुलीकरे ॥

गतापाणितलेयाच । योर्ध्वपादतलेस्थिता ॥

ટીકાઃ—જેના હાથના પહોંચાના મુળમાંથી એક રેખા નીકળીને ઉપર વચલી આગળીના મુળને મળેલી હોય તો તે ઉર્ધ્વ રેખા કહેવાય. એવી ઉર્ધ્વ રેખા જે માણુસના હાથમાં અથવા પગમાં હોય તો તે માણુસ નાના પ્રકારનાં સુખ ભોગવે એવું સામુદ્રીકનું વચન છે.

कनिष्ठामूलरेखातु । कुर्याच्चैवशतायुषं ॥

अनामिकामध्यमाभ्या । मंतरालगतासती ॥

ટીકા:—જે મનુષ્યની ટચલી આંગળીના થડમાં એક નાની રેખા હોય તો તેનો આવરદા ૧૦૦ વરસનો જાણવો અને એવી જે રેખા ટચલી આંગળીની જોડેની અથવા વચલી આંગળીના જડ મૂળમાં હોય અથવા નીચેની તરફ વળેલી હોય તો તે રેખા વાળા પુરૂષની સ્ત્રી પતિવ્રત્તા હોય અને ઉપર પ્રમાણેજ સ્ત્રીના હાથમાં રેખા હોય તો તેનો પતી ધર્મશિળ, સતવાદી, ધનવાન ને લોકમાં પ્રસિદ્ધ હોય.

ऊनाऊनायुषंकुर्या । द्रेखाचांगुष्टमूलगा ॥
बृहत्यःपुत्रदाऽन्यस्ताः । प्रमदापरिकीर्तिता ॥

ટીકા:—જેના અંગુઠાની નીચે નાની નાની રેખાઓ સેળભેળ હોય તો તેનો આવરદા થોડો જાણવો કદાપી અંગુઠાના મૂળ તળે પૂરી રેખા હોય તો તેનો આવરદા સંપૂર્ણ જાણવો. અને અંગુઠાના મૂળ તળે જેટલી મોટી રેખાઓ હોય તેટલા પુત્ર ઉત્પન્ન થશે. અને જેટલી નાની નાની રેખાઓ હોય તેટલી પુત્રીઓ ઉત્પન્ન થશે. એવું એ રેખાઓ ઉપરથી માલુમ પડેછે.

रेखान्वितांत्वाविधवां । कुर्यात्संभागिनींस्त्रियं ॥
रेखायुग्माऽत्यंतलग्ना । सुखभोगप्रदाशुभा ॥

ટીકા:—જે સ્ત્રીના અંગુઠાની પાસે તર્જેની આંગળીના થડમાં બે મોટી ઝાડના જેવી રેખા હોય અથવા તો હાથનાં મુળમાં એક ઠેકાણે હોય તો તે સ્ત્રી મહા ભાગ્યશાળી, પતીવ્રતા થઈ એકજ સારા પ્રકારના પુરૂષ સાથે જન્મારો ગુજારી સદા આનંદમાં રહે.

स्त्रीणांपुंमांतथाम्रम्या । राज्यायचसुखायच ॥

पुत्रपौत्रादिसपत्ना । चार्ध्वरेखासुखमदा ॥

ટીકા:—જે સ્ત્રીના તથા પુરૂષના હાથમાં ઉર્ધ રેખા હોય તો તે ઉત્તમ ફળદાયક છે. અને તેજ પ્રમાણેની રેખા પગમાં હોય તો તે સ્ત્રીપુરૂષ રાજસુખ, તથા પુત્રસુખ સંપૂર્ણ ભોગવે અને લોકમાં પ્રખ્યાતી પામે.

अल्पायुषेलघुछिन्ना । दीर्घाऽछिन्नामहायुषे ॥
शुभंतुलणंस्त्रीणांमोक्तलशुभुमन्यथा ॥

ટીકા:—જેના અંગુઠાની પાસે ખાલી ૩ રેખા ટુંકી હોય તો તેનો આયુષ્ય થોડો જાણવો. અને તેજ રેખા મોટી હોય ને કોઈ ઠેકાણેથી તુટેલી ન હોય તો તે મનુષ્ય ઘણા વર્ષ જીવે એવું શુભ લક્ષણ સ્ત્રીઓને ફળદાયક છે જે જે ઠેકાણે જે જે ચિન્હ પૂર્ણ કહેલાં છે તે તે ઠેકાણે ઓછાં વત્તાં હશે તો તે પ્રમાણે તેનું સુખ ઓછું વત્તું સમજવું.

शुभाशुभलक्षणं.

कनिष्टांहिसमाश्रित्यमध्यमायामुपागता ॥
षष्टिवर्षायुषंकुर्यादायुरेखातुमानवं ॥

ટીકા:—જે મનુષ્યની ટચલી આંગળીના થડમાંથી આયુષ્ય રેખા નીકળી વચલી આંગળી સુધી ગઈ હોય તો તેનો આવરદા ૬૦ વર્ષનો સમજવો એવું તે રેખા ઉપરથી અનુમાન થાયછે.

यस्यास्तेकांचिताःकेशाःमुखंचपरिमंडलं ॥
नाभिश्चदक्षिणावर्ताःसाकन्याकुलवर्धिनी ॥

ટીકા:—જે સ્ત્રીના વાળ લાંબા, મુખારવિંદ ચંદ્રમા જેવું તથા

નાભિ દક્ષિણાવર્ત હોય તો તે કુળ વર્ધિની થશે એમ જાણવું.

याचकांचनवर्णाभारक्तहस्तकरोरुहाः ॥
साहस्त्रेष्वपिनारीणांभ त्साचपतिव्रता ॥

ટીકાઃ—જે સ્ત્રીનો રંગ સુવર્ણ જેવો તથા પગ લાલ રંગના અને પ્રાતઃકાળના ઉગતા સૂર્યની માફક પ્રકાશીત હોય તો તે ધણીક સ્ત્રીઓના કરતાં દાનશીળ, પૂત્રપૌત્ર સંપન્ન કરનાર તથા પતીવ્રતા થશે.

रक्तकेशाचयाकन्यामंडलाक्षीतुयाभवेत् ॥
भर्तारोमृयतेतस्याःनियतंदुःखभागिनी ॥

ટીકાઃ—જે સ્ત્રીનાં માથાના વાળ લાલ રંગના તથા તેની આંખો મંડળાકાર, ને માંજરી હોય તો તે સ્ત્રી વિધવા થઇ નાના પ્રકારનાં દુઃખ ભોગવશે.

पूर्णचंद्रमुखीकन्याबालसूर्यसमप्रभा ॥
विशालनेत्राबिंबोष्टीकन्यातुभवेत्सुखं ॥

ટીકાઃ—જે સ્ત્રીનું મોઢું ગોળ ને પુનમના ચંદ્રમા જેવું તેજદાર, શરીર સુંદર, આંખો મોટી, હોઠ લાલ. વિગરે લક્ષણો હોય તો તે સ્ત્રી રાજાની રાણી જેટલું સુખ ભોગવે.

रेखाभिर्बहुभिःक्लेशंस्वल्पाभिर्धनहीनता ॥
रक्ताभिःसुखमाप्नोतिकृष्णाभिःक्लेशतांव्रजेत ॥

ટીકાઃ—જે મનુષ્યના હાથમાં નાની નાની પુષ્કળ રેખાઓ હોય તો તે દુઃખી થાય. અને મોટી મોટી પુષ્કળ રેખાઓ હોય તો તે ધનહિન તથા દરીદ્રિ થવાનું લક્ષણ છે. કદાપી હાથની

રેખાઓ લાલ રંગની હોય તો તે સુખી થાય ને કાળા રંગની હોય તો તે દુઃખી થવાનું લક્ષણ છે એમ નક્કી સમજવું.

अंकुशंकुंडलंचचक्रंयस्याःपाणितलेभवेत् ॥

पुजप्रसूयतेनारीनरेंद्रंलभतेपतिं ॥

ટીકાઃ—જે સ્ત્રીના હાથમાં અંકુશ, કુંડળ તથા ચક્ર વિગેરે ચિન્હો હોય તો તે ભાગ્યશાળી, પુત્ર સુખ ભોગનારી, ગુણવાન, તથા પતીવ્રતા જાણવી. અને તે ઘણા વખત સુધી સુખ ભોગવે.

यस्यास्तुरोमशौपार्श्वौरोमयुक्तौपयोधरौ ॥

उन्नतौचाधरोष्ठौचाक्षिप्रंमारयतेपतिं ॥

ટીકાઃ—જે સ્ત્રીની બગલમાં, છાતીપર તથા પાસાપર ઘણા વાળ હોય અને આગલો હોઠ મોટો હોય તો તે સ્ત્રી વિધવા થશે એમ સમજવું.

यस्याःपाणितलेरेखाप्राकारंदृश्यतेयदि ॥

अपिदासकुलेजातराज्ञित्वमुपगच्छति ॥

ટીકાઃ—જે સ્ત્રીના હાથમાં ઘર પ્રમાણે ચિન્હ હોય, અને તેણે કોઈ ગરીબનેત્યાં જન્મ લીધો હોય તો પણ તે રાજાની રાણી જેટલું સુખ ભોગવે.

ऊर्ध्वतःकपिलायस्याःरोमराजीनिरंतरं ॥

अपिराजकुलेजातादासीत्वमुपगच्छति ॥

ટીકાઃ—જે સ્ત્રીના માથાના તમામ વાળ અથવા તેનો અગ્ર ભાગ કપિલ વર્ણનો હોય ને તેણે રાજકુળમાં જન્મ લીધો હોય તો પણ દાસીપણું ભોગવે એમ જાણવું.

यस्याअनामिकांगुष्ठौपृथिव्यांनैवातिष्ठतः ॥

पतिंमारयतेक्षिप्रंस्वतंत्रेनैववर्तते ॥

ટીકા:—જે સ્ત્રીના પગની અનામિકા આંગળી તથા અંગુઠો જમીનપર ચાલતાં ઉંચા દેખાય તો તે વિધવા થઇને સ્વતંત્રપણે વ્યભિચારિણી થશે એમ જાણવું.

यस्यगमनमात्रेणभूमिकंपोपजायते ॥
पतिंमारयतेक्षिप्रंस्वेच्छाचारेणवर्तते ॥

ટીકા:—જે સ્ત્રીને ચાલતાં પૃથ્વી કંપે તેવી રીતે ધબ ધબ અવાજ થતો હોય તો જાણવું કે તે વિધવા થઈ પર પુરૂષની જોડે નાના પ્રકારના ભોગ ભોગવશે.

चक्षुस्नेहेनसौभाग्यंदंतस्नेहेनभोजनं ॥
त्वचःस्नेहेनपर्यंकंपदस्नेहेनवाहनं ॥

ટીકા:—જે મનુષ્યની આંખના ડોળા પાણીદાર હોય તો તે ભાગ્યશાળી નિપજે. ને જેના દાંત સુંદર દાડમની કળીયો જેવા હોય તો તેને મિષ્ટાન ઉપર પ્રીતી ઘણી રહે. ને જેના શરીરની ચામડી કોમળ હોય તો તે સુખસજ્યા ભોગવે. અને જેના પગ સુંદર હોય તો તે સર્વે વાહનોનું સુખ ભોગવશે એમ જાણવું

स्निग्धैन्नतौताम्रनखौनार्याश्चचरणौशुभौ ॥
मत्स्यांकुशाब्जचिन्हौचचक्रलांगललक्षितौ ॥

ટીકા:–જે સ્ત્રીના પગ કોમળ ને લાલ રંગના ને મોટા હોય તો તે નાના પ્રકારનું સુખ ભોગવે ને જેના પગમાં મચ્છ, અંકુશ, ચક્ર અથવા હળ વિગેરે ચિન્હો હોય તો તે સ્ત્રી ભાગ્યશાળી થઈ રાણી જેટલું સુખ ભોગવે ને જગતમાં કીર્તીવંત થઈ નાનાપ્રકારના ભોગ ભોગવે.

अश्वेदिमौमृदुतलौप्रशस्तौचरणौस्त्रियां ॥
शुभेजंघेविरोमेचऊरूहस्तिकारोपमौ ॥

ટીકા:—જે સ્ત્રીના પગ કોમળ, ને જાંગો હાથીની સુંઢ પ્રમાણે વાળ વાળી હોય તેનું ફળ ઉત્તમ જાણવું. ને એજ પ્રમાણે પુરૂષને હોય તો તે સુખવૈભવ ભોગવે એમ નિશ્ચય જાણવું.

नाभिप्रशस्तांगाभिरादक्षिणावर्तिकाशुभा ॥
अरोमात्रिवलीनार्याःहृस्तनौरोमवर्जितौ ॥

ટીકા—જે સ્ત્રીની નાભી ખાલી ને વર્તુલાકાર રોમરહિત હોય તો તે ઉત્તમ લક્ષણ જાણવું.

श्लिष्टांगुलीताम्रनखौ । पादउच्चौशिरांचितौ ॥
कूर्मोन्नतौगूढगूल्फौ । स्वपार्ष्णीनृपतेःस्मृतौ ॥

ટીકા:—જે મનુષ્યના નખો તામ્ર જેવા ને પગની રેખાઓ સારીહોય ને પગ માંસથી ભરપુર હોય તો તે રાજ્ય સુખ ભોગવે.

शूर्पाकारोविरूक्षौच । वक्रौचाविरलांगुलिम् ॥
कषायसदृशौपादौ । दरिद्राणांप्रकीर्तितौ ॥

ટીકા:—જે મનુષ્યના પગ શૂર્પાકાર હોય ને આંગળીઓ તમામ જુદી જુદી હોય ને પગનો રંગ માટીના રંગજેવો હોય તો તે મનુષ્ય દળદ્રિ થાય ને સર્વદા દુઃખ ભોગવે.

दक्षिणावर्तचलितौ । मूत्रैस्तुनृपतिःस्मृतः ॥
स्थूलग्रंथियुतोलिंगे । रक्तेपुत्रादिसंयुतः ॥

ટીકા:—જે મનુષ્યના પેસાબની શેડ સાફ અને પેસાબ કરતાં શેડનો આવાજ સંભળાય તો તે રાજ સુખ ભોગવે. ને જેનું લીંગ મોટું અને તે ઉપરનો ભાગ લાલ રંગનો હોય તો તે પૌત્ર પૌત્રાદીકનું સુખ ભોગવે.

पुष्पगंधियुतेशुक्रे । भवेद्राजासुधार्मिकः ॥
मधुगंधयुतेवीर्ये । धनवान्‌ स्वकृ्त्वरः ॥
पुत्राःशुक्रेपुष्पगंधे । तभशुक्रेचकन्यका ॥
महाभोगीमांसगंधे । यद्वास्यान्मदगंधिनी ॥
क्षारगंधेदारिद्रस्या । दीर्घायुःशिघ्रमैथुने ॥
रप वक्षाश्चभोगाढ्या । निम्नवक्षाधनोज्झिता ॥

गु ह्यलक्षणं.

अश्वत्थपत्रसदृशंविपुलंगुह्यउत्तमं ॥
पद्मकोशामिमंश्रेष्टंगुह्यचाहुर्मुनीश्वरः ॥

इहंसामुद्रिकंशास्त्रं । विष्णुनापारिभाषितं ॥
श्रुत्वाधृत्वापठित्वाच । शोकानजहातिपंडिता ॥

ટીકાઃ—શ્રી મહાદેવજી પારવતીને કહે છે કે હે પ્રિય! ગીરીરાજ નંદની આ સામુદ્રીક શાસ્ત્રમાં શ્રી કૃષ્ણ ભગવાને બ્રહ્માજીને કહ્યું કે જે મનુષ્ય સામુદ્રીક ગ્રંથ સાંભળે, ભણે, અથવા ભણાવે તો તે મનુષ્ય બુદ્ધિમાન, પંડિત થઇને સંસારમાં જન્મીને આવેલી પીડાનો નાશ કરે એવું સામુદ્રીક શાસ્ત્રનુ વચનછે.

સમાપ્ત.

શુકનાવળી પ્રારંભ.

આપણા દેશી લોકો કંઈ કામ કરતાં પહેલાં તેનો એવો વિચાર કરેછે કે આનું શું થશે. તે વિચાર વિષે મનનું સમાધાન કરવાને શુકનાવળી વિગેરે જોવરાવવાની ઘણી હોંશ ધરાવેછે તે માટે આ ચોપડી પ્રસિદ્ધ કરી છે.

આ ચોપડી જોવાની રીત એવી છે કે પ્રથમ મનમાં જે કામ કરવાનું હોય તે ધારવું. અને પછી નીચેના કોઠામાં જે આંકડા માંડેલા છે તે આંકડામાંથી ગમે તે ત્રણ આંકડાની રકમનું એક ખાનું મનમાં ધારવું. અને એજ પ્રમાણે દરેક રકમને મળતો આંકડો તથા તેનું વર્ણન આગળ લખેલું છે. તે પ્રમાણે ધારેલા આંકડાને મળતો આંકડો શોધી કાઢવો પછી તેજ શોધી કાઢેલા આંકડાને લગતી હકીકત વાંચી જોવી અને તે હકીકત એ માણસે ધારેલા કામને અંગે સમજવી એવો આ શુકનાવળીનો હેતુ છે.

રકમ ૧ લી.

૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪
૧૩૧	૧૩૨	૧૩૩	૧૩૪
૨૧૧	૨૧૨	૨૧૩	૨૧૪
૨૩૧	૨૩૨	૨૩૩	૨૩૪
૩૧૧	૩૧૨	૩૧૩	૩૧૪
૩૩૧	૩૩૨	૩૩૩	૩૩૪
૪૧૧	૪૧૨	૪૧૩	૪૧૪
૪૩૧	૪૩૨	૪૩૩	૪૩૪

રકમ ૨ જી.

૧૨૧	૧૨૨	૧૨૩	૧૨૪
૧૪૧	૧૪૨	૧૪૩	૧૪૪
૨૨૧	૨૨૨	૨૨૩	૨૨૪
૨૪૧	૨૪૨	૨૪૩	૨૪૪
૩૨૧	૩૨૨	૩૨૩	૩૨૪
૩૪૧	૩૪૨	૩૪૩	૩૪૪
૪૨૧	૪૨૨	૪૨૩	૪૨૪
૪૪૧	૪૪૨	૪૪૩	૪૪૪

૧૧૧. આ શુકન ઘણા સારાછે. તમને જે કામની ચિંતાછે તે મટશે. ઝઘડામાં જીતશો, વેપારરોજગાર સારી રીતે ચાલશે. તમારા દીવસ સારા આવ્યા છે. મનમાં ધાર્યું કામ પાર પડશે. એની નિશાની તમારા જમણા પગની જાંગે તલ છે. ૧

૧૧૨. આ શુકન મધ્યમ છે, ધાર્યું કામ થશે નહીં. બીજું કામ ધારજો. તમારા મનમાં ઘણી ચિંતા છે તેથી ઘણો પસ્તાવો થાયછે, તમારા દીવસ મધ્યમ છે તેથી શનીશ્વરની પુજા કરજો જેથી લાભ થશે, મનની ચિંતા મટશે અને શનીદેવતા પરસન થશે. એની નિશાની તમારી સ્ત્રી જુઠું બોલેછે. ૨

૧૧૩. આ શુકનથી તમને લાભ થશે, મનની ચિંતા મટશે ને ફરજંદ લાભ થશે, તમારા દિવસ મધ્યમ હતા તે ગયા ને હવે સારા આવ્યા છે તેનો વિશ્વાસ રાખજો. માતા અંબાજીનું વચન છે. એની નિશાની તમારી જમણી કુખે તલ છે. ૩

૧૧૪. આ શુકન ઘણા સારાછે કુટુંબની વૃદ્ધિ થશે, ને તમારૂં ભલું થશે, ભોમીલાભ, અર્થલાભ અને લક્ષલાભ થશે. તથા કંઇક સગપણ થશે. મીત્રનો મેળાપ થશે. આજથી ત્રણ મહીના સારા છે. ગુરૂદેવતાની પુજા કરજો જેથી મનના મનોરથ ફળશે. માતા બૈચરાજીનું વચન છે એની નિશાની તમારી સ્ત્રીની પીઠે તલ છે. ૪

૧૨૧. આ શુકન ઘણા સારાછે. મનમાં જે કામ ધારોછો તેમાં લાભ પામશો કુળદેવતાની પુજા કરજો. મનના મનોરથ પાર પડશે ને લાભ થશે, સજ્જનથી મેળાપ થશે, જેનાથી મેળાપ કરવાનો વિચાર છે તેનો મેળાપ થશે ને ઘણો લાભ થશે, ચિંતા મટીને સુખ ઉપજશે. લક્ષ્મીમાતાજીનું વચન છે એની નિશાની તમારી જમણી જાંગે તલ છે. ૫

૧૨૨. આ શુકન ઘણા લાભકારી છે. કંઈ બીજા નવા વે-

પારમાં લાભ થશે, ધંધારોજગાર સુજશે, પરદેશથી અણધાર્યો લાભ થશે માસ એકમાં તમને એક મોટી ખુશાલી ઉપજશે. પણ કોઇનો વિશ્વાસ કરશો નહી. માતા બ્રહ્માણીનું વચન છે એની નિશાની તમારે અને તમારી સ્ત્રીને ઘણી પ્રીતી છે. ૬

૧૨૩. આ શુકન ઘણા સારાછે માટે કંઇ શુભ કામ થશે. કુટુંબની વૃદ્ધિ થશે. સ્ત્રી લાભ થશે, સજ્જનથી મેળાપ થશે, પરદેશ તરફથી એક મોટી ખુશાલી ઉપજશે. તમારા મનમાં એક ચિંતા છે તે દીન ૨૭ માં મટશે, ધાર્યું કામ થશે, શતરૂનો નાશ થશે. પુત્રનું સુખ થશે. તમારા મનની ગુપ્ત ચિંતા મટશે. તમારા દીવસ સારા આવ્યાછે. માતા મહાકાળીનું વચન છે એની નિશાની તમે ઘરમાં કકળાટ કર્યા પછી પસ્તાવો કરોછો. ૭

૧૨૪. આ શુકન સારાછે. ભાઈથી મેળાપ થશે, ધાર્યા કામ પાર પડશે. વેપારમાં લાભ થશે, મનની ચિંતા મટશે, ફરજંદનો લાભ થશે, ચાતુર ફળ થશે, રાજાની તરફથી સન્માન મળશે. કુળદેવતાની પુજા કરજો, ગુરૂને દાન આપજો કે જેથી લાભ થશે. માતા રૂદ્રાણીનું વચન છે એની નિશાની એ છે કે તમે ત્રણ દીવસમાં એક ગુપ્ત કામ કર્યું છે. ૮

૧૩૧. આ શુકન ઘણા લાભના છે, કુટુંબની વૃદ્ધિ થશે, જે વસ્તુ ગઇછે તે પાછી હાથમાં આવશે. જેનાથી પ્રીતી તુટીછે તેનાથી મેળાપ થશે, પુત્રનું તથા સ્ત્રીનું સુખ થશે. જે કંઈ કામ કરવાનું તમે ધારોછો તે કરજો, પણ તમે ઉતાવળ કરશો નહીં. એ કામમાં તમને મોટી ખુશાલી ઉપજશે. તમે મંગળનું વ્રત કરજો, માતા મહાકાળીનું વચન છે એની નિશાની તમારી દુકાન ઉપર ઘરાક ઓછાંછે તેની તમને ચિંતા છે. ૯

૧૩૨. આ શુકન ફતેહના છે. જે કામ કરવાનો વિચાર કરોછો તે કામ સારી રીતે પરીપૂર્ણ થશે. સ્ત્રીથી મેળાપ થશે, સજ્જ-

નથી પ્રિતી વધશે, મનમાં એક ગુપ્ત ચિંતા છે તે એક સ્ત્રીથી મટશે, સંતોષ રાખજો. પુત્રલાભ, ધનલાભ, તથા પૂર્વ દિશાએથી પણ એક લાભ થશે. ગયું ધન પાછું મળશે. ગૃહની પુજા કરજો, તેથી મનના મનોરથ ફળશે. માતા કાળકાનું વચન છે એની નિશાની તમારી ઈંદ્રિ ઉપર જમણે પાસે તલ છે. ૧૦

૧૩૩. આ શુકન ઘણા મધ્યમ છે. મનમાં ચિંતા ઉત્પન્ન થાય, ધનનો નાશ થાય; શરીરે કષ્ટ ઉપજે મનમાં ધારેલું કામ નિષ્ફળ થાય, તમારી સ્ત્રીને શરીરે કષ્ટ ઉપજે ને પાછળથી પસ્તાવું પડે. હનમાનજીનું વચન છે એની નિશાની તમારા ઘરની નજીક એક ઝાડ છે. ૧૧

૧૩૪. આ શુકન સારા છે દુશ્મનથી જીતશો. રાજાથી, કોઈ મોટા આદમીથી, પૂર્વ દિશાથી તથા દક્ષિણ દિશાથી લાભ થશે. તમારા ભુંડા ગૃહ હતા તે ગયા ને હવે સારા થયા છે. કુળદેવતાની પુજા કરજો તેથી શત્રુનો નાશ થશે. માતા તુળજાનું વચન છે એની નિશાની તમારી જમણી ભુજાએ તલછે. ૧૨

૧૪૧. આ શુકનથી તમને વેપારમાં ઘણો લાભ થશે. વિવાહ તથા પુત્રનો લાભ થશે. તમારા શતરૂ તમને પગે લાગશે. એક માસમાં તમને ધનની પ્રાપ્તી થશે. મનમાં આનંદ થશે. જગન્નાથજીનું વચન છે એની નિશાની તમારે તમારી સ્ત્રી સાથે લડાઈ થઈ છે ૧૩

૧૪૨. મંગળીકનાં વાજાં વાગશે, ધનનો લાભ થશે. ભાઈથી પ્રિતી વધશે, મનની ચિંતા મટશે, કુટુંબની વૃદ્ધિ થશે, સજ્જનથી મેળાપ થશે, ધારેલી વાતમાં સંતોષ રાખજો. જે જે વસ્તુમાં તમે નુકશાન ધારોછો તેમાં લાભ થશે. તમારા હાથમાંથી ગએલી વસ્તુ પાછી તમારાજ હાથમાં આવશે, રાજસન્માન મળશે, મનના મનોરથ પરિપૂર્ણ થશે. માતા ભૈરવીનું

વચનછે એની નિશાની તમારે કોઇથી લહેણું નથી. ૧૪

૧૪૩. આ શુકનથી ધારેલું કામ પાર પડશે, ભવાનીની પુજા કરજો તેથી મંગળીક થશે. કન્યાલાભ તથા લક્ષ્મીલાભ થશે. તમારા મનની ચિંતા મટશે; પણ તમારો એક શતરૂ છે તે તમને દગો કરવા ફરેછે, તેનો વિશ્વાસ રાખશો નહીં. એક વખત આગળ પણ તમને તેણેજ દગો કર્યો છે માટે જાગૃત રહેજો. માતા મહાકાળીનું વચન છે એની નિશાની તમારી ઇંદ્રી ઉપર તલ છે. ૧૫

૧૪૪. આ શુકન ધર્મના છે, સંપત મળશે, મનના મનોરથ ફળશે, તમારા ઘરે, સારા આવ્યા છે, તમે મંગળની પુજા કરજો, તેથી તમારા શતરૂનો નાશ થશે. માતા ભદ્રકાળીનું વચનછે એની નિશાની તમારે મિત્રની જોડે અણબનાવ રહેછે. ૧૬

૨૧૧. આ શુકન ઘણા સારા છે, તમેતમારા મનમાં જે મોટું કાર્ય ધાર્યુંછે, તે પરિપૂર્ણ થશે. ધર્મનું બળ તમને મોટુંછે. હવે તમને ઘણું સુખ થશે, મિત્રનો તથા ભાઇનો મેળાપ થશે. વેપારમાં નફો થશે, પૂત્રનો લાભ થશે. તમે શનીશ્વરની પુજા કરજો જેથી તમને સુખ થશે માતા તોતળાજીનું વચન છે એની નિશાની તમારે તમારી સ્ત્રી જોડે સદા ક્લેશ રહેછે. ૧૭

૨૧૨. આ શુકનથી મંગળીકનાં વાજાં વાગશે, ઘરને વિષે લાભ થશે, મીત્રથી મેળાપ થશે. પૂત્રલાભ તથા ધનલાભ થશે. ચાતુરફળ લાભ થશે. તમને પરદેશમાં કંઇ કામને માટે જવાની ફીકર છે તે કુળદેવતાની પુજા કરવાથી મટશે, શતરૂનો નાશ થશે, જગન્નાથજીનું વચન છે એની નિશાની તમારી સ્ત્રી ઘણી જોરાવર છે. ૧૮

૨૧૩. આ શુકનથી તમારા મનની ચિંતા મટશે, અને ધનનો લાભ થશે તમારા મનમાં ખુશાલી ઉપજશે. એક માસમાં તમારૂં

કામ પરિપૂર્ણ થશે. ભાઈનો સંજોગ થશે, કુટુંબનું સુખ ઉ-
પજી શરીરે શાતા રહેશે. ઉંચ પદ્વિ પામશો. તમારો એક શતરૂ
છે તેનો નાશ થશે. તમારે દીવસ ઘણા સારા આવ્યાછે, તેથી ગુ-
રૂની પુજા કરજો તમારૂં કાર્ય પરિપૂર્ણ થશે. માતા ખોડીઆરનું
વચન છે એની નિશાની તમારા ઘરમાં તમારા વડુવાનું ધન છે.૧૯

૨૧૪. આ શુકનથી તમને ઘણો લાભ થશે, જે વસ્તુ તમારા
હાથમાંથી ગઈછે તે પાછી આવશે, વળી તમને પરદેશથી મોટો
લાભ થશે, તમારા મનમાં એક ગુપ્ત ચિંતા છે તે પણ મટશે.
પૂર્વદિશાથી ધનલાભ થશે, તમારો એક શતરૂછે તેનો વિશ્વાસ
કરશો નહીં. ને કુળદેવતાની પુજા કરજો. ગૃહનું દાન કરજો.
તેથી સારૂં થશે. માતા આશાપુરીનું વચનછે એની નિશાની તમારે
એક મોટી ઘાત ગઈ છે. ૨૦

૨૨૧. આ શુકનમાં તમને ત્રણ વરસ થયાં સુખ નથી તો હવે
ત્રણ વરસ સુધી મહાસુખ રહેશે તમારા મનમાં મોટી ચિંતાછે
તે મટશે. તમારૂં નશીબ ચંચળછે. દુઃખહતાં તે ગયાં ને હવે સુ-
ખ થશે. મનના મનોરથ ફળશે, તમારે હાથેથી એક વસ્તુ ગ-
ઈ છે તે પાછી હાથ આવશે અને ઘણું સુખ થશે. માતા ગા-
ત્રેશીનું વચનછે, એની નિશાની તમારે પાણીની મોટીઘાત ગઈ ૨૧

૨૨૨. આ શુકન ઘણા મધ્યમ છે, મિત્રથી વિરોધ થશે. શ-
તરૂથી મેળાપ થશે, જે કામની તમારા મનમાં ચિંતાછે તે પાર
પડવું મુશ્કેલ છે ધનની હાની થશે, મનની ચિંતા મટશે નહીં.
તમે શનીનું દાન કરજો તેથી તમે કાંઇક શાન્તી થશે. માતા જળ
દેવીનું વચન છે,એની નિશાની તમારી જમણીભુજાએ તલછે.૨૨

૨૨૩. આ શુકનનું ફળ મધ્યમ છે, કલેશ ઉપજશે. જે કામ
કરવાનો મનમાં વિચાર છે તે ભુંડું છે. કરશો તો લોકમાં નિંદા
થશે. ભાઈની જોડે કલેશ પેદા થશે, વેપારમાં ટોટો આવશે,

માટે બીજું કામ કરવાનો વિચાર કરજો ને શનીશ્ચરનું દાન ક-રજો. માતા હીંગળાજનું વચન છે. એની નિશાની તમે રાત્રે સ્વપ્નામાં જંજાળ દેખો છો. ૨૩

૨૨૪. તમારા મનમાં સ્ત્રીની ચિંતા ઘણી છે ને પંડે ક્લેશ ઘણો કરોછો. પણ હવે તમે વિસ્વાસ રાખજો, હવે તમારે સારૂં થશે. તમારા ખોટા દીવસ હતા તે ગયા ને હવે સારા આવ્યાછે દેવ તથા ગુરૂની ભક્તિ કરજો તેથી કામ પરિપૂર્ણ થશે. ગુરૂને પુન્યે લાભ થશે. શીતાજીનું વચન છે એની નિશાની તમારી ડાબી બા-જુપર તલ છે. ૨૫

૨૩૧. આ શુકનથી મંગળીકનાં વાજાં વાગશે, પુત્રનો લાભ થશે. તમારો શતરૂ તમને પગે લાગશે, ધનનો લાભ થશે, કુળ દેવતાની પુજા કરજો. જગન્નાથજીનું વચન છે એની નિશાની તમારે માંથે ઘરનો ભાર છે. ૨૫

૨૩૨. આ શુકનનું ફળ મધ્યમ છે. તમે તમારા મનમાં એક ખોટા કામનો વિચાર ધાર્યો છે તે કામ થશે નહી, ને ઉલટો તમારા મનમાં ભય પ્રાપ્ત થશે, અને હાણ થશે. શરીરે કષ્ટી ઉપજી કુટુંબમાં તથા સ્ત્રી જોડે ક્લેશ થશે, માટે કાંઈક ધર્મ કરજો તેથી સુખ થશે. તમે રાહુનું દાન કરજો જેથી સુખ થશે. હનુમાનજીનું વચન છે એની નિશાની તમે તમારી દેહીએ પસ્તાવો કરોછો. ૨૬

૨૩૩. તમારા મનમાં ધારેલું કામ પાર પડશે ને જસ પા-મશો. તમને પરકાર્યની ચિંતા છે તેથી તમારા મનમાં તમે ખોટા વિચાર કરોછો, માટે કાંઈ કામ કરો તે વિચારીને કરજો અથવા બીજુ કામ કરજો તેમાં લાભ થશે કુળદેવતાની પુજા કરજો. તેથી તમારૂં ધારેલું કામ પાર પડશે. તમે મંગળનું વ્રત કરજો. માતા અંબાજીનું વચન છે એની નિશાની તમારા મનમાં

ફીકર રહે છે. ૨૭

૨૩૪. આ શુકનથી તમારૂં ધારેલું કાર્ય પરિપૂર્ણ થશે. કુ-ટુંબનો કલેશ મટશે. ગુપ્તની વાત કોઇ પાસે કરશો નહીં. તમારા ભુંડા દીવસ હતા તે ગયા અને હવે સારા આવ્યા છે તેથી તમને ધનનો લાભ થશે. દુઃખ મટશે, જસ વધશે, ઇષ્ટદેવની ભક્તિ કરજો, એની નિશાની તમારા મનમાં ગુપ્ત ચિંતા છે. ૨૮

૨૪૧. આ શુકનથી તમને લાભ થશે. તમારા મનમાં સ્રીની ચિંતાછે તે મટશે.સ્થાનકની વૃદ્ધિ થશે, એક મનુષ્યની તમારે પ્રિત તુટી છે તેની જોડે પાછી પ્રીત થશે. એક તમારી જાતનો તમારી જોડે અદેખાઈ કરેછે તે દુર થશે તમે હનુમાનની પુજા કરજો. તમારા મનમાં તમે જે કામ ધાર્યું છે તેમાં ફતેહ પામશો માતા જળદેવીનું વચન છે એની નિશાની તમારી સ્રીને પેટે તલછે. ૨૯

૨૪૨. આ શુકનથી તમને બમણો લાભ થશે. અને મનના મનોરથ ફળશે. ધારેલી વસ્તુ મળશે. જે આદમીથી મનમાં લાભ થવાની ઇચ્છા છે તે આદમીથી લાભ થશે, તમારા દુ-શ્મનની ખરાબી થશે ને તમારૂં ભલું થશે. તમે શનીશ્વરની પુજા કરજો તેથી ધાર્યું કામ પાર પડશે. માતા બ્રહ્માણીનું વચન છે. એની નિશાની તમારી જમણી ભુજાએ તલ છે. ૩૦

૨૪૩. આ શુકનથી શરીરે સારૂં રહેશે. હવે તમારે દીવસ સુખના આવ્યાછે મનના મનોરથ ફળશે, ધનનો લાભ થશે. કલે-શ મટશે. એક અણધાર્યો લાભ થશે. સંતાનનો લાભ થશે, દુશ્મનનો નાશ થશે, તમે મંગળની પુજા કરજો, જેથી તમારાં મનગમતાં ફળ થશે. માતા કાળકાનું વચન છે એની નિશાની તમારી જમણી કુખે તલ છે. ૩૧

૨૪૪. આ શુકન ઘણા સારા છે. તમારૂં કામ સિદ્ધ થશે. તમારા દીવસ ફીકરમાં જાયછે પણ તમારા મનમાં સંતોષ રા-

ખજો, તમારૂં કામ પરિપૂર્ણું થશે. એક આદમી તમારૂં કામ બગાડેછે તેનો વિશ્વાસ કરશો નહીં. તમને પુત્રનું તથા સ્રીનું સુખ થશે. તમે શનીનું વ્રત કરજો તેથી તમારૂં ધાર્યું કામ પાર પડશે, એવું શીવજીનું વચન છે. એની નિશાની તમારી ઈંદ્રી ઉપર તલ છે. ૩૨

૩૧૧. આ શુકન ઘણા સારા છે તમને ઘરની, ધનની તથા કંઈક પરગામ જવાની ચિંતા છે તે મટશે. પણ તમારા કુળદેવતાની તથા ગૃહની પુજા કરજો જેથી મનના મનોરથ ફળશે, તમારા શત્રૂ છે તે ટળશે. રાજાની તરફથી લાભ થશે. માતા તોતળાજીનું વચન છે એની નિશાની તમારી સ્રી ઘણી રીસાળ છે. ૩૩

૩૧૨. આ શુકનથી મનના મનોરથ ફળશે. ધનનો લાભ થશે. કુટુંબની વૃદ્ધિ થશે. શરીરની કષ્ટી મટશે, ઘણા દીવસની ચિંતા તથા રોગ છે તે મટશે, મનને ખુશીમાં રાખજો, વેપારમાં લાભ થશે. જે કામ ધાર્યું છે તે પાર પડશે. માતા લક્ષ્મીજીનું વચન છે, એની નિશાની તમારે તમારી સ્રીની સાથે ઘણી પ્રીતી છે. ૩૪

૩૧૩. તમને ધનની ચિંતા છે પણ તમારો સ્વભાવ ઘણો હઠીલો છે તેથી તમારા દુસ્મન ઘણા છે. મિત્ર પણ શત્રૂ છે. પણ તમારૂં ભલું થાય છે. એ કામ તમે કરશો તો પછી ઘણો પસ્તાવો થશે. માટે બીજુ કામ કરજો. તેમાં સુખ થશે, તમારી ગુમની ચિંતા મટશે, ભલુ થશે, માતા ખોડીયારનું વચન છે. એની નિશાની તમે રાત્રે જંજાળ દેખોછો. ૩૫

૩૧૪. આ શુકનથી મનની ધારેલી કલ્પના પાર પડશે, ધનનો લાભ થશે. સર્વ કામ શિદ્ધ થશે મનમાં ઘણો સંતોષ રાખજો તમે ધર્મીષ્ટ છો માટે મનમાં ચિંતા રાખીશો નહીં.

તમે જે પરકાજ કરોછો તેમાં તમારે ઘણો જસ છેને તેથી હવે તમારૂં ભલું થશે. તમે મંગળની પુજા કરજો તેથી તમારો જસ વધશે. ને ધાર્યું કામ સિદ્ધ થશે. માતા ગાતરેશીનું વચન છે એની નિશાની તમારા ઘરમાં એક ઠેકાણે ગુપ્ત ધન છે. ૩૬

૩૨૧. આ શુકન મધ્યમ છે, તમારા મનમાં ચિંતા ઘણી છે, જે કામ તમે કરવું ધારોછો તે સિદ્ધ નહી થાય ને ઉલટું વાંકું થશે, માટે બીજુ કામ કરજો. એ કામ કરશો તો અપજસ તથા કલેશ ને હાની થશે. એક મહીના સુધી તમને ચિંતા છે, રાજા તરફથી કંઈક ભય ઉત્પન્ન થશે. માટે જે કામ કરો તે વીચારીને કરજો તેથી લાભ થશે. તમે હનુમાનજીની પુજા કરજો ગૃહને દાન આપજો જેથી તમારૂં ભલું કશે માતા મહાકાળીનું વચન છે. એની નિશાની તમારે કોઇની સાથે લેહેણું નથી. ૩૭

૩૨૨. આ શુકનથી તમને લાભ થશે, તમારા મનની ચિંતા મટશે, તમને તમારા મિત્રથી તથા ભાઈથી ઘણી ખુશાલી પ્રાપ્ત થશે. શરીરે સંતોષ થશે, વેપારમાં ધનનો લાભ થશે. રાજકાજથી ખુશાલી ઉપજી ઉત્તમ ફળની પ્રાપ્તી થશે. સ્ત્રીથી સુખ ઉપજશે, તમે કુળદેવતાની પુજા કરજો, માતા વાલવદ્રાનું વચન છે એની નિશાની તમારે માથે ધર્મનો ભાર છે. ૩૮

૩૨૩. આ શુકનથી તમને જસ મળશે, દુઃખ ટળશે, શત્રુનો નાશ થશે, સજ્જનથી મેળાપ થશે, તમારા સર્વ ગૃહ સંતોષના છે મનની ચિંતા મટશે, સ્ત્રી પુત્રથી સુખ ઉપજશે, મન ધાર્યો લાભ થશે. પુર્વ તથા ઉત્તર તરફથી એક લાભ થશે તેથી તમે ગૃહની પુજા કરજો કે જેથી તમારૂં ધાર્યું કામ પાર પડશે. માતા કલ્યાણીનું વચન છે એની નિશાની તમારે વાતસુકનો શ્વાસ વહેછે. ૩૯

****

૩૨૪. આ શુકન સારા છે. ખેતી તથા બીજા વેપારમાં લાભ થશે ને તેમાં ધનની પ્રાપ્તી થશે. મન ધાર્યું કામ શિદ્ધ થશે. તમારા મનમાં કંઈ કામની ગુપ્ત ચિંતા છે તે મટશે. તમારા શતરૂ તમને પગે લાગશે. માટે તમે તમારા કુળદેવતાની પુજા કરજો. ભૈરવનું વચન છે એની નિશાની તમારા મનમાં ગુપ્ત ફીકર રહે છે. ૪૦

૩૩૧. આ શુકન સારા છે, મનકામના શિદ્ધ થશે, કુટુંબલાભ તથા લક્ષ્મી લાભ થશે. કુળદેવતાની પુજા કરજો તેથી તમારૂં સારૂં થશે. વેપારમાં લાભ મળશે, તમારા મનમાં સંતોષ રાખજો, તમે ધર્માછો તેથી તમારૂં કામ પાર પડશે. પણ તમે મંગળની પુજા કરજો તેથી તમારૂં ધાર્યું કામ પરીપૂર્ણ થશે માતા લોકાઈનું વચન વ. એની નિશાની તમારી જમણી ભુજાએ તલ છે. ૪૧

૩૩૨. તમે તમારા મનમાં જે કામ ધાર્યું છે તે થશે નહીં, બીજું કામ કરજો, તમારી ગૃહદશા ભુંડી છે. મીત્ર છે તે શતરૂ સમાન છે બે ત્રણ વરસ થયાં તમને ઉચાટ છે, તમે મનના ભોળાછો માટે ધીરજ રાખે સારૂ થશે. તમે રાહુની પુજા કરજો તેથી તમારૂં કામ પાર પડશે. માતા વેરાઈનું વચન છે. એની નિશાની તમારી છાતીએ તલ છે. ૪૨

૩૩૩. આ શુકનથી તમારા મનમાં ધારેલું કામ પાર પડશે. ને તેમાં લાભ મળશે. તમે તમારા મનમાં ચિંતા કરશો નહીં. તમારે સારા આદમીથી પ્રીતી વધશે અને સ્ત્રી તથા સંતાનનું સુખ થશે કુળદેવતાની પુજા કરજો. તમારા મનમાં એક ગુપ્ત ચિંતા છે તે મટશે. માતા મહાકાળીનું વચન છે એની નિશાની તમારી જાંગે તલ છે. ૪૩

૩૩૪. આ શુકનથી તમને લાભ થઈ મનના મનોરથ ફ-

ળશે ને અણધાર્યો લાભ થશે. તમારો ગયો વેપાર હાથ આ-વશે, ભાઇબંધથી લાભ થશે, તમારે જે દુ:ખ છે તે જશે ને ઘણું સુખ થશે. તમે તમારા મનમાં એક સારૂ કામ ધાર્યું છે તે કામથી તમને લાભ થશે. તમારી સ્ત્રીને સંતાન થશે દુ-શ્મનનો નાશ થશે ને શરીરે સુખશાતા થશે તમે ભવાનીની પુજા કરજો તેથી તમારૂં કામ પાર પડશે. ક્ષેત્રપાળનું વચનછે.૪૪

૩૪૧ તમારા મનમાં ઘણાં દિવસથી ચિંતાછે તે મટશે અને સારૂ થશે. તમે ચિંતા કરશો નહીં. તમને સુખ થશે સજ્જનથી પ્રીતી વધશે. તમારા મનની ગુપ્ત ચિતા મટશે. પુત્રનું સુખ થશે તમે હનમાનજીની પુજા કરજો અને શનીનું દાન કરજો કાળ ભૈરવનું વચન છે એની નિશાની તમારે સર્પની જોડે સમ ધારણ કેહેણું છે. ૪૫

૩૪૨ તમારા મનમાં ચિંતા છે ને મટશે અને તમને ધનનો ઘણો લાભ થશે તમારા મનમાં ચિંતા છે તે મટશે જે વસ્તુ તમારા હાથમાંથી ગઇછે તે પાછી હાથ આવશે. જેનાથી પ્રીતી તુટીછે તેનાથી મેળાપ થશે. અણધારી ખુશાલી ઉપજશે પણ તમે ગૃહની પુજા કરજો તેથી તમારૂ ભલુ થશે માતા ખોડીયારનું વચન છે, એની નિશાની તમારી ઇંદ્રી ઉપર તલછે.૪૬

૩૪૩ આ શુકન મધ્યમ છે તેથી ચાર મનુષ્યમાં તમને માન મળશે તમારા મનમાં ઘણા દીવસથી ચિંતા છે. ને મનમાં ક્લેશ રહેછે. તમારા હાથમાંથી ગએલી વસ્તુ હાલ પાછી તમારા હાથમાં આવવાની છે પણ ધરમ કરજો, ગૃહની પુજા કરજો નહીં તો માઠું થશે એની નિશાની તમારે એક ઠેકાણેથી પ્રીત તુટી છે તેનાથી મેળાપ થશે. શત્રુનો નાશ થશે હનુમાનજીનું વચન છે એની નિશાની તમારો પાડોસ સેંવાય તેવો નથી. ૪૭

૩૪૪ આ શુકનથી મંગળીકનાં વાજાં વાગશે અને ઘણો

લાભ થશે, ભાઈથી પ્રીત વધશે. મનની ચિંતા મટશે કુટુંબની વૃદ્ધિ થશે સજ્જનથી મેળાપ થશે જે વસ્તુ તમારા હાથમાંથી ગઇછે તે પાછી તમારે હાથ આવશે સજ્જનથી આદરમાન મળશે મનના મનોરથ પાર પડશે મંગળની પુજા કરજો તેથી તમારા મનમાં શુભ વારતા ધારેલી પાર પડશે માતા લક્ષ્મીજીનું વચન છે. એની નિશાની તમારે કોઈની જોડે લેણદેણું નથી. ૪૮

૪૧૧. આ શુકનથી હાણુ થાય, શરીરે પીડા નીપજે આશા નિષ્ફળ થાય હાથમાં આવેલું ધન પાછું જાય તમે બીજુ કામ ધારજો તેમાં તમને લાભ થશે તે કામમાં ફીકર રાખશો નહીં ધનનો લાભ થશે કલ્પના હશે તે મટશે મિત્રથી મેળાપ થશે મંગળની પુજા કરજો તેથી તમારૂ દુઃખ જશે ક્ષેત્રપાળનું વચન છે. એની નિશાની તમારી જમણી ભુજા ઉપર તલ છે. ૪૯

૪૧૨. આ શુકનથી તમારા મનમાં સ્ત્રી તથા પુત્ર સબંધી સુખની ચિંતા છે તથા કંઇક મનનો પણ નાશ થયોછે ને લડાઇ છે. તે સર્વે મટશે અને તમારા મનની ચિંતા પણ થોડે દીવશે દુર થશે મિત્રથી મેળાપ થશે તમે કંઇક વીલંબ કરજો તેથી તમારૂ ભલુ થશે પણ હનુમાનજીની પુજા કરજો તેથી તમારૂ કાર્ય શિદ્ધ થશે જગનાથજીનું વચન છે એની નિશાની તમારે મિત્રની જોડેલ લેહેણું નથી. ૫૦

૪૧૩. આ શુકનથી તમારા મનમાં ધનની ચિંતા છે તે મટશે તથા તમને રાજાથી સન્માન થશે. પરદેશથી ખુશાલી ઉપજશે. તમને સ્ત્રીની ચિંતાછે તે પણ મટશે તમારી ગઈ વસ્તુ પાછી હાથ આવશે મનના મનોરથ પાર પડશે. તમે ગૃહેની પુજા કરજો તેથી તમારૂ કામ શિદ્ધ થશે, હનુમાનજીનું વચન છે. ૫૧

૪૧૪. આ શુકનનું ફળ મધ્યમછે, પ્રથમ ચિંતા ઉપજી પા-

છળથી ખુશાલી ઉપજે, તમારા મનમાં એક ગુપ્ત ચિંતા છે તે એક માસમાં મટશે. ધનનો લાભ થશે શરીરે સુખ ઉપજશે મનના મનોરથ ફરશે તમે મંગળની પુજા કરજો તેથી તમારૂ ધાર્યું કામ પરીપૂર્ણ થશે. માતા શીતાજીનું વચન છે. એની નિશાની તમારી છાતીએ તલ છે. પર

૪૨૧. આ શુકનનાં ફળ તમને લાભનાં છે. મીત્રનો મેળાપ થશે. તમારા મનમાં ચિંતા છે તે મટશે. હવે તમને ધનનો લાભ થશે ને તમારૂ ભલું થશે ગૃહેની પુજા કરજો તેથી સુખ ઉપજશે શનીશ્વરનું વચનછે. એની નિશાની તમારા શરીરમાં ગુપ્ત રોગ છે. પ૩

૪૨૨. તમારા શરીરમાં ત્રણ વરસ થયાં સુખ નથી અને ધન, પુત્ર તથા સ્ત્રીનું પણ દુઃખ છે. માટે તમે વીચારીનેકામ કરજો અને કોઇનો વિશ્વાસ રાખશો નહીં. પુન્યદાન કરવાથી તમારૂં સારૂં થશે. જગન માતાનું વચન છે. એની નિશાની તમારે ધનદોલતનો લાભ થશે. પ૪

૪૨૩. તમારા મનગાં ધારેલાં કામ હમેશાં પાર પડશે ને સસજ્જનોથી મેળાપ થશે. તમારા શરીરમા વ્યાધી છે તે સારૂં ઓસડ ખાધેથી શરીરની વ્યાધિ મટશે. આપણા કુળ દેદતાની પુજા કરજો તેથી મનમાં આનંદ થશે. બાલાજીનુંવચન છે એની નિશાની તમારા પેટ ઉપર તાલ છે. પપ

૪૨૪. તમારા મનમાં ઘણા દિવસથી ચિંતા છે તે મટશે. તમે તમારા મનમાં કંઈ મોટું કામ ધાર્યુંછેપણ વીલંબ કર્યાથી પાર પડશે, ઉતાવળ ના કરશો. ઉતાવળ કર્યાથી ઉલટું કામ બગડશે મનમાં વિશ્વાસ રાખજો નક્કી તમને ખુશાલી પેદા થશે આપણા કુળદેવતાની પુજા કરજો ભૈરવનું વચન છે. એની નિશાની તમારે ઘરનું સુખ સામાન્ય છે. પ૬

૪૩૧. આ શુકનથી તમારા મનના મનોરથ ફળશે. અને તમને સ્થાનકની ચિંતા છે તે મટશે ભાઇબાપનો મેળાપ થશે. તમારા દુઃખના દહાડા હતા તે ગયા અને હવે સુખના આવ્યા છે તેથી ધનની પ્રાપ્તી થશે. સ્ત્રી પુત્રનું સુખ મળશે ગૃહેની પુજા કરજો એથી સારૂં સુખ નીપજશે. માતા અંબાજીનું વચન છે. એની નિશાની તમારી સ્ત્રી જુઠાબોલી છે. ૫૭

૪૩૨. આ શુકનથી ચિંતા, ક્લેશ અને દુઃખ મટશે, સ્ત્રી પુત્રનો લાભ થશે. તમારા મનમાં પરદેશ જવાની ચિંતા છે. મટશે અને પરદેસથી કંઇક લાભ થશે પણ તમે હનમાનજીની પુજા કરજો તેથી તમારાં સર્વે કાર્ય શિદ્ધ નીપજશે. માતા આશાપુરીનું વચન છે, એની નિશાની તમે સ્વપ્નામાં સ્ત્રી દેખોછે. ૫૮

૪૩૩. આ શુકનથી તમને ધનનો લાભ થશે. અને મિત્રથી મેળાપ થશે અને તમારા મનમાં ખુશાલી ઉપજશે. શત્રુનો નાશ થશે. તમે મનના ધર્મી છો તેથી તમારૂં ભલું થશે. પણ તમે મંગળની પુજા કરજો તેથી તમારૂં કામ પાર પડશે. માતા અનપુરણાનું વચનછે એની નિશાની તમારીજમણી ભુજાએ તલછે ૫૯

૪૩૪. આ શુકનથી તમારા મનના મનોરથ ફળશે. તમારા મનમાં જે વિચાર ધારો છો તે પાર પડશે. તમારા ગુરૂ દેવતાના પ્રસાદથી મનના મનોરથ ફળશે. પણ તમે ગૃહેની પુજા કરજો તેથી તમારા મનની ગુપ્ત ચિંતા મટશે. માતા કાળકાનું વચન છે. એની નિશાની તમારે એક ગુપ્ત ચિંતાછે. ૬૦

૪૪૧. આ શુકનમાં ભાઇભાંડુને પીડા થાય, ક્લેશ ઉપજે, અંગે પીડા થાય, મનમાં સંકા થાય, તમારા ગૃહે હમણાં મધ્યમ છે. થોડા દહાડા ધીરજ રાખી પછે કામ કરજો તમારા હાથમાંથી જે વસ્તુ ગઇ છે તે ઘણી મુશ્કેલીથી પાછી તમારે હાથ આવશે. પણ તમે ગૃહેની પુજા કરજો તેથી તમારૂં કામ

શિદ્ધ થશે. માતા લોકાઇનું વચન છે. એની નિશાની તમારે પેટે તલ છે. ૬૧

૪૪૨. આ શુકન હેમના છે ધર્મ કર્યાથી તમારૂ કામ શિદ્ધ થશે પણ તમે જે કામ કરોછો તેનો અંત લેશો નહીં તેથી તમારૂ કામ બગડશે ને ધનની હાની થશે કંઇક બીજુ કામ આરંભજો તેથી તમને લાભ થશે તમે ગૃહેનું દાન કરજો આપણા કુળદેવતાની પુજા કરજો તેથી કામ પરી પૂર્ણ થશે માતા વેહેરાઈનું વચન છે એની નિશાની તમારા શરીરે સુખ નથી. ૬૨

૪૪૩. આ શુકનથી ધારેલું કામ થશે નહીં, ને ઉલટી ધનની હાની થશે. માંહોમાંહેમાં વિરોધ ઉપજશે, તમારા જીવની એક મોટી ઘાત છે માટે તમે સાવધાન રહેજો અને જે કંઇ કામ કરો તે વિચારીને કરજો તેમાં તમને લાભ થશે. તમે ગૃહેની પુજા કરજો તેથી તમારૂં દુઃખ નિવારણ થશે. માતા લોકાઈનું વચન છે. એની નિશાની તમારી ઇંદ્રી ઉપર તલ છે. ૬૩

૪૪૪. જે કામ તમે કરવું ધારોછો તે શિદ્ધ થશે, ધનનો લાભ થશે, સ્ત્રી તથા પુત્રનો લાભ થશે. તમારા હાથમાંથી ગએલી વસ્તુ પાછી તમારે હાથ આવશે તમારી ગ્રહદશા એક વરસ સુધી સારી છે તેથી શત્રુ પગે લાગશે, વેહેપારમાં લાભ થશે, તમારા મનમાં ઘણી ચિંતા રાખશો નહીં. ને આપણા કુળદેવતાની પુજા કરજો તેથી કામ પરીપૂર્ણ થશે. માતા અંબાજીનું વચન છે. એની નિશાની તમારી ઇંદ્રી ઉપર તલછે ૬૪

સમાપ્ત.

હુનર સાર સંગ્રહ.

આજકાલ આપણા દેશમાં ચારેતરફ ધૂતારાઓ દેખીતા જોવામાં આવેછે અને તેઓની ઘણા પ્રકારની હાથચાલાકી અને મીઠી બોલવાની ચાલાકીને લીધે હજારો લોક તેવા ધુતારાના પંજામાં સ-પડાયછે. અને બીજા હાથ તરફ તેઓને જાણવાને સારૂ તેવી રસાયણ પ્રયોગથી તથા બીજા પ્રયોગથી વિવિધ પ્રકારની ચિત્તને તાજુબીમાં નાંખે એવી ઘતી બનાવટો જાણવાને ખરૂ અને મોટા જથ્થાવાળુ એકે પુસ્તક આજસુધી બહાર પાડવામાં આવ્યું નથી એટલાજ વાસ્તે અમોએ આ તેની એક અગત્યની ખોટ પુરી પાડવાને હાથ લીધું છે.

હુનર સાર સંગ્રહ કે જેનું કદ સુપરરોયલ ૩૨ પેજી પૃષ્ટ ૬૦૦ને આશરે થશે અને તેની અંદર નાના મોટા જેટલા સ-માય તેટલા હુનરોનો સમાવેશ કરવામાં આવશે. અને તે કેવળ સચ્ચાઇની સાથે અનુભવ પૂર્વક સિદ્ધ કરી દાખલ કરવામાં આ-વશે. કીંમત પણ પુસ્તક પાછળ થતા ખર્ચ પ્રમાણેજ રાખવાના છે. આ . ભાઇઓને મારી વિનંતી છે કે આવા ઉપયોગી વિ-

રેક જણે વાકેફ રહેવાની જરૂર છે તો આવા એક ઉપ-

પુસ્તકને ખરીદી મદદ કરવાને ચુકશે નહી. કીમત પ્રથમના ગ્રાહકો પાસેથી રૂ ૧-૦-૦ અને પાછળથી રૂ ૧-૪-૦ કે તેથી પણ વધુ થશે. પોસ્ટેજ જૂદુ. દસ નકલે એક નકલ બક્ષિસ. જ-થાબંધ રાખનારને કમીશન આપવામાં આવશે. ગ્રાહક થવા મરજી હોય તો નામ ઠામ નીચેને સીરનામે લખી મોકલવું.

અમારે ત્યાં નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

પચીસ વરસનું પંચાંગ ત્રણ આના. શુકનાવળી એક આનો પોસ્ટેજ માફ.

હરીલાલ ગીરધરદાસ ઠક્કર. તાજપુર—અમદાવાદ.